




અમરેલી,રાજકોટ, ગાંધીનગર અને સુરતથી પ્રસિધ્ધ થતું દૈનિક
R.N.I.N.70053/99, Postal Reg.No.AMR / 69/ Validup to 2021-23

सत्यमेव जयते
AVADH TIMES DAILY
સૌરાષ્ટ્ર આવૃતિ

પાના ૮ કિંમત છુટક નકલ રૂા.૨-૦૦
તા.૦૮-૨-૨૦૨૪ ગુરૂવાર


# અવધ ટાઇમ્સ


ફોન :- (૦૨૭૯૨)-૨૨૩૮૯૬,૨૨૪૮૯૬,૨૩૨૪૯૯/૨૨૪૧૧૫/ ફેકસ: ૨૨૦૧૫૫/૨૨૪૯૪૭
Website: www.avadhtimes.net, E-mail: avadhtimes@gmail.com,news@avadhtimes.net,



જુનામાં જુનુ એટલે...
ઇબ્રાહીમભાઇનું
ઝનકાર
બ્રાસ બેન્ડ
લેડીઝ અને જેન્ટસ સિંગર સાથે
૧૦૦ માણસોનો સ્ટાફ મળશે
સંપર્ક : મો.૯૯૨૫૪ ૬૪૪૬૭ / ૮૭૫૮૩ ૧૪૩૦૪
સરનામું :- ચાંદની ચોક, અમરેલી
અમારી કોઇ બીજી શાખા નથી



તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલિક : ભરત ડી.ચૌહાણ, અવધ ઓફસેટ,અમરપુર (વરૂડી),અમરેલીથી છાપીને અવધ ટાઇમ્સ કાર્યાલય, હેડ પોસ્ટ ઓફિસ સામે,અમરેલીથી પ્રસિધ્ધ કર્યુ. સહતંત્રી : વિજય ડી.ચૌહાણ સં.૨૦૮૦ પોષ વદ ૧૩ વર્ષ : ૨૮ અંક ૧૫૨


## કલોલનાં ધારાસભ્ય દ્વારા જલારામ બાપા માટે કરાયેલી ટીપ્પણીથી દરેક સમાજ આઘાત સાથે રોષમાં

# પુ. જલાબાપાનાં અપમાનથી અમરેલી જિલ્લામાં ભભુકતો રોષ

### અમરેલીમાં લોહાણા મહાજન લાલઘુમ : આજે રાત્રે મહાજનની બેઠક યોજાશે
### સાવરકુંડલા અને રાજુલામાં ધારાસભ્ય સામે આવેદન પત્ર પાઠવવામાં આવ્યાં

### પુજ્ય જલારામ બાપાને ભગવાનનો દરજ્જો આપવા બદલ ટીપ્પણી કરનાર
### ધારાસભ્ય શ્રી ચૌહાણ સામે રોષ ફાટી નિકળ્યો : ફોજદારી ફરિયાદની માંગ





અમરેલી, કલોલનાં ધારાસભ્ય શ્રી ફતેસિંહ ચૌહાણ દ્વારા પુજ્ય જલારામ બાપાને ભગવાનનો દરજ્જો આપવાનાં મામલે વિવાદીત ટીપ્પણી કરવામાં આવતા અમરેલી જિલ્લામાં રઘુવંશી સમાજ સહિત દરેક ભાવિકોમાં રોષ ભભુકી ઉઠ્યો છે અને આજે સાવરકુંડલા તથા રાજુલામાં આવેદન અપાયા હતાં.

(અનુ. પાના નં.૬)

### લાઠીમાં સ્કૂલે જવાનું કહીં તળાવ પાસે જતા દુર્ઘટના

## લાઠીનાં તળાવમાં ન્હાવા ગયેલ વિદ્યાર્થીનું ડુબી જતા મોત થયું

### પગ લપસી જવાનાં કારણે ડુબ્યો : પોલીસ દોડી ગઇ

લાઠી, (વિશાલ ડોડીયા)

લાઠી કવિ કલાપીની નગરીમાં દુ:ખદ ઘટના સામે આવી છે તેજસ અમરૂભાઈ ડાંગર ઉ.૧૩ માસૂમ બાળક સવારે સ્કૂલે જવાનું કહી ૩ મિત્રો નીકળ્યા બાદ સ્કૂલના બદલે લીલડુંગર પાછળ આવેલ તળાવમાં નાહવા જતા પગ લપસી જવાના

(અનુ. પાના નં.૨)



### પાણીની મુખ્ય પાઇપ લાઇનમાં થયેલ ભંગાણ ચાર-ચાર દિવસે પણ પાણી પુરવઠા બોર્ડ રિપેર ન કરી શકતા કપરી સ્થિતિ

# અમરેલીમાં મહીની મુખ્ય પાઇપમાં ભંગાણ : પાણી વિતરણ ખોરંભે

### અમરેલી શહેર ઉપરાંત ગ્રામ્ય વિસ્તારમાં પણ પાણી વિતરણને અસર : ચાર દિવસથી ગુજકો પાસે રિપેરીંગ કામ શરૂ

અમરેલી,અમરેલી નગરપાલિકાની યાદીમાં જણાવ્યાં મુજબ ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ વિભાગ-અમરેલી દ્વારા અમરેલી શહેરમાં સાવરકુંડલા રોડ ઉપર ગુજકોમાસોલ સામે મહી પરીયેજ યોજનાની પાઈપલાઈનમાં ભંગાણ સર્જાતા તે વિભાગ તરફથી પાઈપલાઈન રીપેરીંગની કામગીરી શરૂ કરેલ છે, પરંતુ આ કામગીરીમાં યોગ્ય ટેકનીકલ માર્ગદર્શનનાં અભાવે વિલંબ થતાં શહેરનાં અમુક વિસ્તારમાં પાણી વિતરણ વ્યવસ્થા સદંતર ઠપ્પ થઈ જતાં શહેરીજનો માટે પીવાનાં પાણીની વિતરણ વ્યવસ્થા પણ ખોરંભે પડેલ હોય જેની શહેરીજનોએ નોંધ લેવા જણાવ્યું છે. અમરેલી શહેરીજનોએ પીવાનાં પાણી માટે મહી પરીયેજ યોજના પર આધાર રાખવો પડે છે, ત્યારે પાણી પુરવઠા બોર્ડ દ્વારા છેલ્લાં ૪-દિવસથી શહેરનાં ગુજકોમાસોલ સામે આવેલ મુખ્ય પાણીની પાઈપલાઈનનું રીપેરીંગ કાર્ય હાથ ધરાયેલ છે. આ મુખ્ય લાઈનમાંથી અમરેલી શહેર તેમજ ગ્રામ્ય પંથકમાં પીવાનું પાણી પહોંચાડવામાં આવે છે. આ મુખ્ય પાઈપલાઈનમાં છેલ્લાં ૪-દિવસથી ભંગાણ સર્જાયેલ છે. આ ભંગાણમાં ટેકનીકલ માર્ગદર્શનનાં અભાવે રીપેરીંગ કાર્ય ખોરંભે ચડેલ હોવાનું જાણવા મળે છે. ગ્રામ્ય પંથક તેમજ શહેરીજનોએ આ રીપેરીંગ કાર્ય પુર્ણ ન થાય, ત્યાં સુધી વિતરણ વ્યવસ્થામાં ખામી સર્જાય તેમ હોવાથી પાણી પુરવઠો વહેલીતકે શરૂ થાય તે દિશામાં પગલાં ભરવામાં આવી રહેલ છે, ત્યારે સર્જાયેલ ભંગાણ અંગે શહેરીજનોએ પણ સાથ-સહકાર આપવા જણાવ્યું છે.


અમરેલી જિલ્લામાં એકમાત્ર...
LIC
સતત 5th Times C.O.T. 2024
CORPORATE CLUB MEMBER
સતત ૧૩ વર્ષથી M.D.R.T.
મનિષભાઇ એસ. ભટ્ટ
૯૮૨૪૨ ૫૬૧૫૮


### અમરેલીની શાંતાબા મેડીકલ કોલેજનાં ડીન ડો. વિકાસ સિંન્હા દ્વારા મહત્વની પ્રથમ સર્જરી

# અમરેલી શ્રી શાંતાબા જનરલ હોસ્પિટલમાં ચામડીનાં કેન્સરનું સફળ ઓપરેશન કરાયું

### અમરેલીનાં નાના માચીયાળા ગામનાં ૭૦ વર્ષનાં દર્દી ઉપર કેન્સર યુક્ત મસાને દુર કરી પ્લાસ્ટિક સર્જરી કરવામાં આવી : શ્રી વસંત ગજેરાએ તબીબોને અભિનંદન આપી બિરદાવ્યાં



અમરેલી,અમરેલી જીલ્લાના નાના માચીયાળા ગામના ૭૦ વર્ષીય દર્દી મંજુલાબેન બાલુભાઈ નાકરાણી નાકની બાજુમાં ચહેરા પર નામસાની તકલીફ માટે સારવાર લેવા આવ્યા હતા. સારવાર

(અનુ. પાના નં.૫)


આપની સેફટી તેમજ આરામદાયક મુસાફરીએ જ અમારૂ લક્ષ્ય
સૌથી ઓછા રેટમાં
હુંડાઈ અલ્કઝાર...(૭ સીટર)
ઈનોવા ક્રિસ્ટા...(૭ સીટર)
મારૂતી અર્ટીગા...(૭ સીટર)
મારૂતી બ્રેઝા...(૪ સીટર)
હુંડાઈ વરના...(૪ સીટર)
હુંડાઈ ક્રેટા...(૪ સીટર)
A/C NON A/C
જય માતાજી ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ
ધવલભાઈ મકવાણા - મો. ૯૯૦૪૦ ૨૫૧૭૮
ગોવિંદભાઈ મકવાણા - મો. ૯૪૨૭૯ ૩૫૨૮૦,
ઓનલાઈન બુકિંગ માટે :- jaymatajitourandtravel.com

Sheetal ICE CREAM
WE ARE HIRING!
Job Location : Amreli
MICROBIOLOGIST / CHEMIST
(BSC/MSC) (FEMALE)
DAIRY TECHNOLOGIST
(B.TECH/M.TECH) (MALE | FEMALE)
FOOD TECHNOLOGIST
(B.TECH/M.TECH) (MALE | FEMALE)
SUPERVISOR
(B.A/B.COM) (FEMALE)
WALK-IN TIME
10:00 am to 12:00 pm | 4:00 pm to 6:00 pm
APPLY NOW
+91 9081998018
sheetalhr530@gmail.com
SHEETAL COOL PRODUCTS LIMITED
PLOT NO.75 TO 81, G.I.D.C. ESTATE, AMRELI - 365601.

POLO PLUS પોલો પ્લસ CONTAINERS
અમને ગૌરવ છે, કે અમે ગુજરાતી છીએ
અમે સસ્તી નહીં
શ્રેષ્ઠ પ્રોડકટ બનાવીએ છીએ...
100 - 150 200 - 300 લીટર માં ઉપ્લબ્ધ
૧૦૦% ફુડ ગ્રેડ મટીરીયલ્સ
500 થી 10000 લીટર ની વિશાળ રેન્જ માં ઉપ્લબ્ધ
9 YEAR WARRANTY
વધુ વિગત માટે સંપર્ક કરો
મો. ૯૯૦૯૬ ૦૯૬૯૬
14 વર્ષ ની ગેરંટી

ડો. ભગીરથ બી. વાળા
B.D.S. (ડેન્ટલ સર્જન)
PGDCC (કોસ્મેટીક)
FAD (એસ્થેટીક)
+91 84600 38303
Divy
અર્થ દાંતની હોસ્પિટલ
કોસ્મેટીક & ઈમ્પ્લાન્ટ સેન્ટર
જડબામાં સ્ક્રૂ વડે ફિકસ દાંત / ચોકઠાના નિષ્ણાંત
ઉપલબ્ધ સારવાર :
- સડી ગયેલ દાંતને બચાવવાની સારવાર.
- દાંતને વધુ સડતો અટકાવવાં દાંતના કલરનું ફીલીંગ.
- દાંતમાંથી નીકળતા લોહી, મોઢાની દુર્ગંધ તેમજ પાન -મસાલાનાં દાગને દુર કરવા માટે દાંતની સફાઈ.
- પાણીનાં દાગ તેમજ પીળા પડી ગયેલ દાંત માટે બ્લીચીંગ.
- દાંતની બત્રીસી (બધા જ દાંતનું ચોકઠું)
- દાંત પર લગાવાતું કવર-કેપ (મેટલ તેમજ સીરામીક)
- દુ:ખાવા વગર દાંત કાઢવાની સુવિધા.
- નાના બાળકોના તમામ દાંત અને પેઢા
- ઓછા ખુલતા મોઢાની સારવાર.
- પેઢાની સર્જરી.
પહેલો માળ, રાજકમલ ચોક, ઠાકરથાળ સામે, અમરેલી.

સ્ટાફ જોઈએ છે.
(લેડીઝ તથા જેન્ટસ)
સેલ્સમેન...............
એકાઉન્ટન્ટ............
ઓફીસ બોય............
સોના-ચાંદીના શો રૂમમાં કામ કરી શકે તેવા સેલ્સમેન શીપ તથા એકાઉન્ટન્ટ ના કામના અનુભવી તથા બીન અનુભવી હોશિયાર બોય અનુભવી હોશિયાર બોય એન્ડ ગર્લ્સ ની જરૂરીયાત છે. લાયક વ્યકતીએ રૂબરૂ સંપર્ક કરવો.
Mo. 99243 21033
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી - ૩૬૫ ૬૦૧

## પુર્વ મંત્રીશ્રી બાવકુભાઇ ઉંધાડ દ્વારા વડાપ્રધાન શ્રી મોદીને કરાયેલ રજુઆત

# વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનને ચિતલ-વડીયા સ્ટોપ આપવા માંગ

### સોમનાથથી વડોદરા વંદે ભારત એક્સપ્રેસ નવી ટ્રેન આપનાર રેલ મંત્રીનો આભાર માની હાઇસ્પીડ ટ્રેનનો અમરેલીને લાભ આપવા કરાયેલી રજુઆત

### દરખાસ્ત કરાયેલ સુપરફાસ્ટ ટ્રેનને વડીયાથી બગસરા, ગોંડલ અને ભેસાણનો ટ્રાફિક મળશે : ચિતલથી લાઠી, બાબરા, અમરેલીનો ટ્રાફિક મળશે : શ્રી ઉંધાડ

અમરેલી,વંદે ભારત એક્સપ્રેસ ટ્રેન સોમનાથથી વડોદરા અને વડોદરાથી સોમનાથ બજેટમાં લઈ નવી ટ્રેન આપવા બદલ રેલ્વે મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવનો આભાર વ્યક્ત કરી પુર્વ મંત્રી બાવકુભાઈ ઉંધાડે જણાવ્યું છે કે, આપણી શ્રદ્ધા અને આસ્થાનું કેન્દ્ર સોમનાથ મહાદેવને સાંસ્કૃતિક નગરી એવા વડોદરા સુધી અઠવાડીયાનાં ગુરૂવાર સિવાયનાં છ દિવસ હાઈસ્પીડ ટ્રેન ફાળવેલ છે. જેથી સૌરાષ્ટ્ર અને વડોદરા સાથેનાં કનેક્શન સારી રીતે શરૂ કરવા બદલ વડાપ્રધાનશ્રી મોદીને પત્ર પાઠવી આભાર માનેલ છે અને જણાવ્યું છે કે, આ ટ્રેન ઢસાથી જેતલસર જ સ્ટોપ હોય જેથી અમરેલી જિલ્લો આ ટ્રેનનાં લાભથી વંચિત રહી જતો હોય તેવું સ્પષ્ટ જણાય છે તો અમરેલી જિલ્લામાં વડીયા તથા ચિતલ બે સ્ટેશનો ઉપર ટ્રેનનો સ્ટોપ આપવો જરૂરી છે.

વડીયા તાલુકા મથક છે જેનો લાભ બગસરા, ગોંડલ અને ભેસાણ તાલુકો તેમજ વડીયા તાલુકાનાં પેસેન્જરોને લાભ મળે જ્યારે ચિતલ સ્ટોપ આપવામાં આવે તો લાઠી, બાબરા અને અમરેલી તાલુકા તેમજ શહેરને લાભ મળે તેમ છે તો આ વડોદરા સોમનાથ ટ્રેન આવતા જતા બંને વખત વડીયા અને ચિતલને સ્ટોપ આપવા શ્રી બાવકુભાઈ ઉંધાડે વડાપ્રધાનશ્રી મોદીને પત્ર પાઠવી રજુઆત કર્યાનું જણાવ્યું છે.

# રાજુલામાં યુવતીનું અપહરણ કરી યુવક ભાગી જતા ઘેરા પ્રત્યાઘાતો : ગણતરીના કલાકોમાં આરોપીને ઝડપી લીધો

### ભોગ બનનાર યુવતીને તેના પરિવારને પોલીસે સોંપી આરોપીની પૂછપરછ સાથે તપાસ હાથ



રાજુલા, (જયદેવ વરૂ)

અમરેલી જિલ્લામાં ગઈ કાલે એક યુવક યુવતીને ભગાડી જતા સમગ્ર શહેર અને રાજુલા તાલુકામાં ભારે ઘેરાપ્રત્યાઘાતો પડતા સમાજના લોકો મોટી સંખ્યામાં પોલીસ સ્ટેશન ઉમટી પડ્યા હતા ઘટનાને લઈ હિન્દૂ સમાજમાં રોષ વ્યાપી ગયો હતો મોડી રાતે અમરેલી એસપી હિમકર સિંહના સીધા સુપરવિઝન હેઠળ ડી.વાય.એસ.પી.હરેશ વોરાના નેતૃત્વ હેઠળ રાજુલા પી.આઈ.આઈ.જે.ગીડા સહિતની અલગ અલગ ૬ જેટલી ટીમો બનાવવામાં આવી હતી અપહરણ કર્તા યુવકને ઝડપી પાડવા માટે કવાયત હાથ ધરી હતી કેટલાક મહત્વના પોઈન્ટ ઉપર સીસીટીવી ફૂટેજ ચેક કર્યા હતા મોડી રાતેજ ગણતરીના કલાકોમાં આ યુવકને બાબરા વિસ્તાર માંથી પોલીસ દ્વારા દબોસી લીધો અને ભોગબનનાર યુવતીને પોલીસએ પરિવારજનોને સોંપી દીધી હતી જેના કારણે સમગ્ર મામલો શાંત પડ્યો હતો જોકે પોલીસએ આ ઘટનાની ગંભીરતા દાખવી કાયડો વ્યવસ્થાની સ્થિતિ જળવાય રહે તે માટે પોલીસનો ચુસ્તબંદોબસ્ત ગોઠવાયો હતો આસપાસના પોલીસ સ્ટેશનની મદદ લેવાય હતી. ડી.વાય.એસ.પી.રાજુલા કેમ્પ રાખી સતત મોનીટરીંગ કરી રહ્યા હતા. આ ઘટનામાં ડી.વાય.એસ.પી.હરેશ વોરા તાત્કાલિક રાજુલા પોલીસ સ્ટેશન પોહચી અલગ અલગ ટીમો રવાના કરી દીધી હતી અને આરોપી સુધી પોહચવા મટે ટેક્નિકલ સર્વેલન્સ ટીમોની પણ મદદ લેવાય હતી રાજુલા પી.આઈ.આઈ.જે.ગીડાની ટીમ દ્વારા આરોપીને ઝડપી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે આરોપીનું આજે મેડિકલ ચેકપ કરાશે અને આરોપીની પોલીસ દ્વારા પૂછ પરછ હાથ ધરાશે. ડી.વાય.એસ.પી.હરેશ વોરાએ કહ્યું સમીર નામનો યુવક યુવતીને ભગાડી ગયો જાનથી મારી નાખવાની ધમકી આપી હતી સમાજના લોકો પોલીસ સ્ટેશન આવી રજૂઆતો કરી હતી પરિવારજનો દ્વારા ફરિયાદ આપવામાં આવી હતી રાતે ૬ ટીમો કાર્યરત કરી હતી જેમાં એલસીબી એસઓજી રાજુલા પોલીસ મહિલાની ટીમો સર્વેલન્સ ટીમો કામે લગાડી હતી ગણતરીની કલાકોમાં યુવક ઓટોરીક્ષા માં લઈ ગયો હતો ૯૦ જેટલા સીસીટીવી ફુટેજ ચેક કર્યા હતા બાબરા વિસ્તારમાંથી દબોસી લીધો યુવકને શોધી પરિવારને સોંપી દીધી છે યુવકની અટકાયત કરી લીધી હાલ કાયદો વ્યવસ્થાને લઈ અમારા એસપી સુપરવીજઝ કરી રહ્યા છે હાલ કોઈએ અફવા ફેલાવવી નહિ અપહરણનો ગુન્હો નોંધ્યો છે પોલીસ કડકહાથે કાર્યવાહી કરી છે ગામમાં કોઈએ ઉશ્કેરાટ ફેલાવવો નહિ તેનું ખાસ ધ્યાન રાખવું

## માતુશ્રી રમાબાઇ ભીમરાવ આંબેડકરની જન્મ જયંતિ નિમિતે મહિલાઓ માટે

# અમરેલીમાં ભાજપ અનુજાતી મોરચા દ્વારા નિદાન કેમ્પ યોજાયો

### જિલ્લા ભાજપ ડોક્ટર સેલ અને અનુજાતી મોરચા દ્વારા કેમ્પનો ૨૦૦ દર્દીઓએ લાભ લીધો



અમરેલી,અમરેલીમાં માતુશ્રી રમાબાઇ ભીમરાવ આંબેડકર જયંતિ નિમિતે ફક્ત મહિલાઓ માટે ભાજપ ડોક્ટર સેલ અને અનુજાતી મોરચા દ્વારા વિનામુલ્યે મેડીકલ કેમ્પ યોજાયો હતો જેનો ૨૦૦ દર્દીઓએ લાભ લીધો હતો. આ કેમ્પમાં જિલ્લા ભાજપનાં હોદ્દેદારો, મહામંત્રીશ્રી મેહુલભાઈ ધોરાજીયા, રામભાઈ સાનેપરા, વનરાજભાઈ કોઠીવાળ, ભાવનાબેન ગોંડલીયા, કોમલબેન રામાણી, ભાવેશભાઈ સોઢા, રાજુભાઈ માંગરોળીયા, અલ્કાબેન ગોંડલીયા, કાશ્મીરાબેન વ્યાસ, નીકુબેન પંડ્યા, દિપકભાઈ વઘાસીયા, મહેન્દ્રભાઈ ચાવડા, ઘનશ્યામભાઈ ત્રાપસીયા, કિશોરભાઈ કાનપરીયા, સુરેશભાઈ શેખવા અને અમરેલી ડોક્ટર સેલવતી ડો.પિયુષ ગોસાઈ, ડો.રાજુભાઈ કથીરીયા, ડો.ચંદ્રેશ ખુંટ, ડો.ભાવેશ દવે, ડો.ટાંક, ડો.મહેન્દ્ર સોજીત્રા, ડો.પરવાડીયા, ડો.અશોક પરામર, ડો.નિખીલ વાળા, ડો.સાપરીયા, ડો.જીતેન્દ્ર સોલંકી, ડો.સોમીલ સાવલીયા, ડો.રાજવંશ, ડો.દિપાલી ઝાલા, ડો.વેકરીયા, ઉવર્શીબેન તથા ડો.પ્રેરણા ગોસાઈ સહિતએ સેવા આપી હતી. અમરેલી જિલ્લા ભાજપ મોરચાનાં કેશુભાઈ વાઘેલા, મહેન્દ્રભાઈ જાદવ, સંદિપભાઈ સોલંકી, શંભુભાઈ મહિડા, પ્રવિણભાઈ ચાવડા, મધુભાઈ ચાવડા, રણજીતભાઈ વાળા, હિતેષભાઈ સેજુ, જીતુભાઈ બથવાર, જીજ્ઞેશભાઈ દાફડા, પરેશભાઈ દાફડા વગેરે ઉપસ્થિત રહ્યાં હતાં.

# મીતીયાળાનાં ગ્રામવાસીઓ માટે નર્મદા સિમેન્ટ જાફરાબાદ વર્ક્સ દ્વારા તળાવ ઉંડાણનું કામ

### અલ્ટ્રાટેક સિમેન્ટનાં શ્રી અનિલ શુકલ, શ્રી વિકાસ વર્મા, શ્રી ગોયલ દ્વારા કામ શરૂ કરાવાયું

શાંસલી,

તા.૦૭.૦૨.૨૦૨૪ના રોજ અલ્ટ્રાટેક સિમેન્ટ (યુનિટ : નર્મદા સિમેન્ટ જાફરાબાદ વર્ક્સ) ના યુનિટ હેડ શ્રી અનિલ શુક્લ, (એફ.એચ.-એચ.આર) શ્રી વિકાસ વર્મા, (એફ. એચ. - માઈન્સ) શ્રી રાજેન્દ્ર ગોયેલ, સરપંચ શ્રી ચંદુભાઈ ભાંભણીયા તથા સી. એસ. આર. વિભાગના રુદ્ર ભટ્ટ દ્વારા તળાવ ઊંડાણના કામ પૂર્ણ થયા બાદ શ્રીફળ વધેરવામાં આવ્યા હતાં. આ પ્રસંગે



સરપંચ શ્રી ચંદુભાઈ ભાંભણીયા દ્વારા મીતીયાળા ગામ વતી યુનિટ હેડ શ્રી અનિલ શુક્લને તથા અલ્ટ્રાટેક સિમેન્ટ (યુનિટ : નર્મદા સિમેન્ટ જાફરાબાદ વર્ક્સ)નો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો તથા આ તળાવથી આશરે ૩૦૦૦ જેટલા ગામ લોકોને તથા તેમના પશુઓને પીવાના પાણીની સમસ્યાથી રાહત મળશે.

# બીલખા સ્ટેટનાં રાજવી પરિવારનાં હંસાબાનું નિધન

### ઘેરા શોકની લાગણી વ્યાપી : શોકાંજલી પાઠવી



અમરેલી,

બીલખા સ્ટેટના રાજવી પરિવારના હંસાબા ઉ.વ.૭૫ મુળ વતન કરીયાણા હાલ બીલખાનું તા.૬-૨-૨૪ ના રોજ અવસાન થયેલ છે. સ્વ હંસાબા, બીલખા રાજવી પરિવારના બીલખા દરબાર શ્રી આલાવાળા દેવાવાળા ઉર્ફે બાપા સાહેબ ના દીકરી થતા હતા અને ભૂપેન્દ્રભાઈ ઉર્ફે મુન્નાભાઈ કનુભાઈ ધાધલના માતૃશ્રી થાય તથા સાવરકુંડલા ક્ષત્રિય અને શૈક્ષણિક અગ્રણી, જર્નાલિસ્ટ પ્રતાપભાઈ ખુમાણના ફૂઈબા (સાસુમાં) થાય. તેમની દશા તા.૧૫/૨/૨૦૨૪ તથા ઉત્તરક્રિયા તા.૧૬/૨/૨૦૨૪ 'વાસુકી રાજ 'તારકેશ્વર મંદિર વાળી શેરી, પશુ દવાખાના પાછળ, ધારી. જિલ્લો અમરેલી ખાતે રાખવામાં આવેલ છે મો.નં.૯૯૭૯૯૬૮૨૭૭.


**... ૫૩ વર્ષથી કાર્યરત ...**

**લાયસન્સ + નામ ટ્રાન્સફર + વિમો નંબર પ્લેટ + PUC**

**સૌનપાલ ઓટો એડવાઈઝર્સ**

**RTO એડવાઈઝર્સ**

...એક જ સંસ્થામાં બધીજ સુવિધાઓ...

| વિમો + લાયસન્સ નામ ટ્રાન્સફર + પાસીંગ | નંબર પ્લેટ + PUC |
|---|---|
| ગાંધી બાગ પાસે, જય કોમ્પ્લેક્ષ, અમરેલી ફોન નં. ૦૨૭૯૨-૨૨૩૧૧૦ | પંચવટી કોમ્પ્લેક્ષ, માણેક સ્થંભની બાજુમાં, લાઠી રોડ, અમરેલી મો. ૯૫૧૦૧ ૩૬૫૫૫ |



**સોનાની લગડી જેવા અતિ મોકાના પ્લોટ વેચવાના છે**

અમરેલીના હદયસમા એવા ચિતલ રોડ ટચ ઉગમણા બારનાં મેઇન રોડથી તદ્દન નજીક અતિ મોકાના પ્લોટ વેચવાના છે

**માત્ર જુજ પ્લોટ જ બાકી હોય, વહેલા તે પહેલાના ધોરણે સંપર્ક કરવો**

આપની જરૂરીયાત મુજબ મકાન બાંધકામ પણ કરી આપીશું

સબ પ્લોટીંગ અને રજાચિઠી સાથેના રાષ્ટ્રીયકૃત બેંકમાં લોનેબલ

-:: સંપર્ક ::-

હિરેનભાઇ બાબરીયા મો.૯૩૨૮૨ ૮૨૧૨૧

સંજયભાઇ દાફડા મો.૯૯૭૯૨ ૪૧૪૭૨



**(F & O) ફ્યુચર્સ & ઓપશન**

■ નીફટી ■ બેંક નીફટી ■ ફાયનાન્સ નીફટી

૯૯% એક્યુરીસી ટ્રેડ ટીપ લેવા માટે મળો

| પર્સનલ મ્યુચ્યુઅલ ફંડ | મુદલ | મુદત | મળવાપાત્ર |
|---|---|---|---|
| (૧) સુપર મેગા ઓફર | ૧૦૦૦૦૦ | ૧૪ માસ | ૨૦૦૦૦૦ |
| (૨) વન ટાઇમ ડિપોઝીટ | ૧૦૦૦૦૦ | ૩ વર્ષ | ૪૦૦૦૦૦ |
| (૩) મંથલી SIP | ૬૦૦૦૦ | ૫ વર્ષ | ૧૨૦૦૦૦ |
| (૪) ડેઇલી રીકરીંગ | ૩૬૫૦૦ | ૩૬૫ દિવસ | ૫૦૦૦૦ |

-:: સંપર્ક ::-

**પાર્થ ઇન્વેસ્ટમેન્ટ**

એડ્રેસ :- મીરા આર્કેડ, પહેલા માળે, SBI બેંક સામે, લાઇબ્રેરી રોડ, અમરેલી

વિપુલ એચ.ચાવડા (એકાઉન્ટન્ટ) : મો.૯૮૭૯૮ ૮૪૯૭૯

પાર્થ વી.ચાવડા : મો.૯૩૨૮૪ ૭૯૦૭૮

સંપર્ક સમય : સાંજના ૪:૩૦ થી ૭:૩૦

વિશ્વાસ, પ્રોફીટ તમારા સફળતા અમારી


## -:: જાહેર નોટીસ ::-

આથી લાગતા વળગતા સર્વેને જણાવવામાં આવે છે કે અમારા અસીલ નાનજીભાઇ જસમતભાઇ લુણાગરીયા રહે. રાજકોટની સુચના અને ફરમાઇશ અન્વયે આ જાહેર નોટીસથી જણાવવાનું કે ૧. અમારા અસીલ શ્રી નાનજીભાઇ જસમતભાઇ લુણાગરીયા રહે.રાજકોટ વાળા મોજે ધારગણી, તા.ધારી, જી.અમરેલી ના ખાતા નં.૧૭૫ ની જમીન કે જે શાંતાબેન ભાઇલાલભાઇ રામાણી, જયસુખભાઇ ભાઇલાલભાઇ રામાણી, રમેશભાઇ ભાઇલાલભાઇ રામાણી, વર્ષાબેન ભાઇલાલભાઇ રામાણી, નિતાબેન ભાઇલાલભાઇ રામાણીના સંયુક્ત નામે ચાલે છે જેની વિગત નીચે મુજબ છે.

સર્વે નં.૨૦૯............................હે.આરે.ચોમી ૨-૧૫-૫૦

ઉપર મુજબની જમીન અમારા અસીલ ઉપરોક્ત ખાતેદારો પાસેથી વેચાણ દસ્તાવેજથી વેંચાણ લેવા માંગે છે તે દસ્તાવેજ સામે કોઇને કોઇપણ પ્રકારનો વાંધો, તકરાર, હરકત કે હક્ક, દાવો, હિત, માલીકી, કબજો, ભોગવટો, ગીરો, બોજો, લીયન, બાનાખત કે બીજા હરકોઇ બીજા પ્રકારના હક્ક કે અધિકાર હોય અગર કોઇપણ પ્રકારનું સરકારી, સહકારી, બેંક, મંડળી કે ખાનગી વ્યક્તિનું લ્હેણુ હોય અગર બીજા કોઇ માલીકી હક્ક, દાવા, ગણોત હક્ક હોય તો તેમજ જે કાંઇ વાંધા હરકત હોય તેમણે આ નોટીસ પ્રસિધ્ધ થયે દિન-૮ માં અમોને નીચેના સરનામે લેખીત આધાર પુરાવા સાથે જાણ કરવી જો મુદત દરમિયાન આવા કોઇ વાંધા હરકત આવશે નહી તો કોઇને આ જમીન અંગે કોઇપણ પ્રકારનો હક્ક, હિત, માલીકી કબજો કે બીજો કોઇ હક્ક કે અધિકાર નથી અને હોય તો તે જતો કરેલ છે તેમ સમજી મારા અસીલ દસ્તાવેજથી જમીન વેચાણ કરાવી લેશે અને ત્યારબાદ કોઇનો કોઇપણ પ્રકારનો વાંધો, તકરાર કે હરકત ચાલશે નહી જેની સર્વેએ નોંધ લેવી.

સ્થળ : ધારી

તારીખ : ૦૭-૦૨-૨૦૨૪

રવાના અમારા મારફત

દિલીપકુમાર એચ.મુછાળા એડવોકેટ એન્ડ નોટરી

ઠે.પંચમ કોમ્પલેક્ષ, સ્ટેશન પ્લોટ, મુ.ધારી, મો.૭૮૭૮૬ ૩૧૦૫૫

મહે શ્રી ખાંભા ના જયુ. મેજી. ફ.ક. સાહેબની કોર્ટમાં મું. ખાંભા

ફોજદારી પરચુરણ અરજી નં. ૩૨-૨૦૨૪............મુ.તા.૦૭-૦૩-૨૦૨૪

અરજદાર : કાળાભાઈ પાતાભાઈ બોદર રહે.ખાંભા, જી.અમરેલી

અરજદારના વિ.વ.શ્રી જી.એસ.સમા

વિરૂધ્ધ : સામાવાળા : ત.ક.મંત્રીશ્રી ઉમરીયા, તા.ખાંભા, જી.અમરેલી

## જાહેર નોટીસ

આથી આ જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે કે, ઉપરોકત અરજદારના પુત્ર ભરતભાઈ કાળાભાઈ બોદરનો જન્મ તા.૦૫-૦૫-૧૯૮૧ નારોજ ગામ ઉમરીયા તા. ખાંભા મુકામે થયેલ અને તેની નોંધ જન્મ-મરણ નોંધણી રજીસ્ટરે નોંધ કરાવવા અંગે અત્રેની અદાલતમાં જન્મ-મરણ નોંધણી અધિનિયમની કલમ-૧૩(૩) મુજબ હાલની અરજી કરેલ છે જેથી અરજદારની માંગણી મુજબ તેઓના પુત્રના જન્મ અંગેની નોંધ કરાવવા અંગેનો હુકમ શા માટે ન કરવો તેનુ કારણ દર્શાવવા મુદત તા.૦૭-૦૩-૨૦૨૪ નારોજ ૧૦:૩૦ વાગ્યે સુનાવણી રાખવામાં આવેલ છે આથી જે કોઈ ઈસમ તથા સરકારી, અર્ધસરકારી કચેરી, પેઢી, મંડળી, વ્યકિત, સ્વાયત સંસ્થા વિગેરેને સદરહુ અરજી સામે વાંધો હોય તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી સદરહુ મુદત તારીખે અદાલત સમક્ષ જાતે અથવા માહિતગાર વકીલ, મુખત્યાર મારફતે હાજર રહેશો તેમ કરવામાં કસુર થયે આગળનો યોગ્ય અને ન્યાયી હુકમ કરવામાં આવશે જેની નોંધ લેશો.આજ તા.૦૨-૦૨-૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટનો સીક્કો કરી આપ્યા

| તૈયાર કરનાર | મુકાબલ કરનાર | | હુકમ થી |
|---|---|---|---|
| ડી.એમ.કલસરીયા | ડી.જે.પઠાણ | કોર્ટનો સિક્કો | એ.એસ.દવે |
| આસી. | આસી. | | રજીસ્ટ્રાર ખાંભા |


**શું તમને સાંભળવાની તકલીફ છે ?**

તો તમારે કાનના મશીનની જરૂરીયાત હોઇ શકે...

- કોઈપણ ઉંમરના વ્યકિતની બહેરાશની તપાસ
- બહેરાશ પ્રમાણે કાનના મશીનની સુવિધા
- વડીલો માટે આધુનિક મશીનો વ્યાજબી કિંમતમાં
- જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે.
- જૂના મશીન ઉપર EXCHANGE ઓફરની સુવિધા
- પેન્શનરો અને તેના આશ્રિતોને મશીનમાં 100% સહાય

કાનના મશીન

કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન

**અવતાર**

સ્પીચ અને હિયરીંગ ક્લિનીક

ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, જ્યુબીલી ધર્મશાળા પાસે, સ્ટેશન રોડ, અમરેલી.

મો. ૭૨૬૫૦ ૬૩૩૬૩ સમય :સવારે :૧૦ થી ૨, સાંજે : ૫ થી ૮



MARUTI SUZUKI ARENA | VITARA BREZZA

WICKEDLY POWERFUL

Sale Helpline: 99046 49999 | Service Helpline: 99045 49999

Alpha Autolink

મારૂતિ સુઝુકી (ઓથોરાઇઝ ડીલર) લાઠી રોડ બાયપાસ

**અમરેલી**



**સ્પે. કપલ ટુર - ફેમીલી ટુરનું સુંદર આયોજન**

કાશ્મીર શ્રીનગર | સિમલા - કુલ્લુ - મનાલી ડેલહાઉસી - અમૃતસર | ગોવા - મહાબળેશ્વર લોનાવાલા - ઇમેજીકા

રોયલ રાજસ્થાન | દિલ્હી - અક્ષરધામ - હરિદ્વાર ગોકુલ - મથુરા - આગ્રા | બનારસ - અલ્હાબાદ નેપાળ - પોખરા

બેંગ્લોર - મૈસુર - ઉટી - કન્યાકુમારી ત્રિવેન્દ્રમ - રામેશ્વર - તીરૂપતિ | કલકતા - ગંગાસાગર જગન્નાથપુરી - ભુવનેશ્વર

કેરાલા | લેહ લદાખ | દાર્જીલીંગ

દુબઇ - થાઇલેન્ડ - બાલી - સિંગાપોર - મલેશિયા - ક્રુઝ

પાસપોર્ટ માર્ગદર્શન • રેલ્વે બુકિંગ • ફલાઇટ બુકિંગ • વિઝા

**મિથ્સ હોલીડેઝ**

બુકીંગ માટે સંપર્ક કરો... મો.૯૭૨૫૯ ૮૨૧૮૩

૭૫, ગ્રાઉન્ડ ફલોર, સરદાર કોમ્પલેક્ષ, જિલ્લા પંચાયત રોડ, અમરેલી



**ગુલાબી ઠંડીના માહોલમાં વાનગીઓ બનશે ચકાચક...**

સોમનાથ બેસનનું નવુ નજરાણુ

''સોમનાથ બ્રાન્ડ બેસન''

વણેલા ગાંઠીયા, ફાફડા તેમજ ખમણ માટે સ્પેશ્યલ

તેમજ અમૂલ બેસન
મારૂતિ બેસન
અવધ સ્પે. કરકરો
અમૂલ સ્પે.કરકરો

દરેક રીટેલર તથા હોલસેલર પાસે ઉપલબ્ધ

અમુલ બેસન તેમજ અમુલ કરકરો ૫૦૦ ગ્રામ તથા ૧ કિલો પેકીંગમાં ઉપલબ્ધ

**સોમનાથ બેસન ઇન્ડસ્ટ્રીઝ**

પ્લોટ નં.૮૨-૧, જી.આઇ.ડી.સી. અમરેલી

ફોન : ૨૪૦૧૧૧ / ૨૪૦૪૧૧ મો.૯૮૨૪૨ ૩૦૫૧૫

ભારતમાં સૌથી સારો મેડીક્લેઇમ
મેડીક્લેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીક્લેઇમમાં ફક્ત - ૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેસની સગવડ
સંપર્ક: પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પલેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો.૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો.૮૪૬૦૫ ૫૦૬૬૦

આ છે તેની વિશેષતાઓ
YAMAHA FASCINO-125
LED હેડલાઇટ
ટેલલાઇટ
ડિજીટલ મીટર
બ્લુટુથ કનેક્ટીવીટી
અત્યાધુનિક હાઇબ્રીડ ટેકનોલોજી
● ૩૦% મોર પાવર ● ૧૬% વધુ માઇલેજ
● સ્ટાર્ડ : સ્ટોપ સીસ્ટમ ● સ્માર્ટ મોટર જનરેટર
● માત્ર ૯૯ કિલો વજન સહીત અનેક ખુબીઓ
યામાહા શોરૂમ
(જીજ્ઞેશ એજન્સી, લાઠી બાયપાસ ચોકડી પાસે, અમરેલી
સંપર્ક : મો.૭૦૪૮૬ ૮૨૦૦૪ મો.૭૦૪૮૭ ૮૨૦૦૪

સત્યમેવજયતે
AVADH TIMES DAILY
અવધ ટાઇમ્સ
સૌરાષ્ટ્ર


શુટીંગ-શર્ટીંગ ખરીદવાનું વિશ્વાસ પાત્ર સ્થળ...
એક જ ભાવ વ્યાજબી ભાવ
હંમેશા કંઇક નવું...
(બાબરાવાળા)
આનંદ કલોથ સ્ટોર
હરી રોડ, અમરેલી, મો. ૯૪૨૬૯ ૪૩૬૪૪

BAJAJ FINSERV
આશાપુરા ફર્નીચર
માણેકપરા, લાતી બજાર અમરેલી ફોન (૨૨૩૭૩૯) મો.૯૦૩૩૩ ૩૪૬૬૧
૨૦૨૩ / ૨૪ ના અધતન અને ટકાઉ ફર્નિચરનો લાઇવ ડેમો નિહાળવા આજે જ પધારો
દિકરીઓના કરીયાવરના ફર્નિચરમાં જબરદસ્ત ડિસ્કાઉન્ટ

### આ વર્ષે વરસાદની અનિયમિતતાના કારણે ખરીફ પાક અશતઃ નિષ્ફળ નિવડેલ છે : ઉત્પાદન ઓછુ થવા છતા ઓછા ભાવ

# કપાસ ડુંગળીના ભાવોને કારણે ખેડુતોનાં પ્રસંગોને અસર

## કપાસનો ભાવ રૂા.૧૮૦૦ હતો આ વર્ષ કપાસનું ઉત્પાદન ઓછું છે છતાં ભાવ ૨૦ કિલોના રૂા.૧૨૦૦ થી ૧૪૦૦ થયાં

## ડુંગળી તેમજ કપાસનો નિકાસ બંધ ઉપાડી પોષણક્ષમ ભાવ મળે તેવી વ્યવસ્થા કરવી જરૂરી

## કપાસ ડુંગળીના ભાવો તળીયે બેસી જતાં સાવરકુંડલાના પંથકના પીઢ આગેવાન મનજીભાઇ તળાવીયાની રજુઆત



વંડા,

ભાવનગર અને અમરેલી જિલ્લો ખેતી આધારિત જિલ્લો છે. આ જિલ્લામાં કોઈ શેત્રુજી સિવાય મોટા બંધ આવેલા નથી. ખેતી ચોમાસા આધારીત છે. ખેડૂતો બોર, કુવા મારફત સિંચાઈ કરી રવિ અને ખરીફ પાકનું ઉત્પાદન લે છે.

આ વર્ષે વરસાદની અનિયમિતતાના કારણે ખરીફ પાક અશતઃ નિષ્ફળ નિવડેલા છે.

જયાં કુવા અને બોર પાણી હતું જયાં ખેડૂતોએ સિંચાઈ મારફત મગફળી, કપાસનું ખરીફ પાકમાં ઉત્પાદન કર્યું. તદઉપરાંત કેટલાય લોકોએ ડુંગળીનું વાવેતર કર્યુ. કપાસ અને ડુંગળીનું આ વર્ષે ઉત્પાદન ઘડયુ પરંતુ ભાવ ગગડીને તળીયે ગયા છે. ગત વર્ષે આ સમયે ઓકટોબર થી જાન્યુઆરી કપાસનો ભાવ ૨૦ કિલોએ રૂા.૧૮૦૦/- કરતાએ વધારે હતો આ વર્ષ કપાસનું ઉત્પાદન ઓછું છે છતાં ભાવ ૨૦ કિલોના રૂા.૧૨૦૦ થી ૧૪૦૦ છે. ગત વર્ષે ડુંગળીનો ભાવ સારો આવવા નાકારણે આ વિસ્તારના ખેડૂતોએ ડુંગળીનું વાવેતર મોટા પ્રમાણમાં કર્યુ છે. હજી ખરૂ ઉત્પાદન આવવાનું બાકી છે ત્યાં જ ડુંગળીના ભાવ તળીયે બેસી ગયા છે.

આ વિસ્તાર ખેતી આધારીત છે તેના કારણે ખેડૂતોનું જીવન ખેતી આધારીત છે જેના કારણે ખેડૂતોનો વ્યવહાર ખોરવાયો છે. તેના પ્રસંગોનું બજેટ ખોરવાઈ ગયું છે. દેશમાં ૭૦ % લોકો ગામડામાં વસે છે. અને ખેતી આધારીત કુદરતી જીવન જીવે છે. પોષણક્ષમ ભાવ ન મલવાના કારણે ખેડૂતોની સ્થિતિ અત્યારે દયાજનક છે. ગામડા ભાંગી શહેરો અસ્તિત્વમાં આવ્યા છે. બુલેટ ટ્રેન, મેટ્રો ટ્રેન, રીવર ફ્રન્ટ, પ્રાયવેટ શિક્ષણના કારણે નવી પેઢી શહેર તરફ ખાકષાયેલ છે.

ગાંધીજીની ભાવના સમાજ વ્યવસ્થા વર્તુળાકાર બનાવવાની હતી. જેના કારણે નાના વર્તુળનું મોટુ વર્તુળ રક્ષણ કરે. અત્યારે સમાજ વ્યવસ્થા પીરામીડ પધ્ધતિથી શરૂ થઈ છે જેના કારણે પાયાનો વર્ગ દબાયેલો રહે છે અને ટોપ ઉપર બેઠેલો માણસ મોજ મજા કરે છે. આવતા દિવસોમાં જો ખેતી અને ગામડા તરફ સરકાર પુરે પુરૂ લક્ષ નહીં આપે તો ગામડા અને ખેડૂતો ભાંગી પડશે. આવતા દિવસોમાં ખેડૂતોને પોષણક્ષમ ભાવ મળી રહે તેવું સરકારે આયોજન કરવું જરૂરી છે. સરકારની ખેડૂતોને દિવસે વિજળી આપવાની હતી તે યોજના કોઈક જગ્યાએ અટવાઈ ગયેલ હોય તેવુ લાગે છે. ખેતીને રોજ ભૂંડ, રામધણ અને રેઢીયાળ ઢોરનો મોટા પ્રમાણમાં ત્રાસ છે. ઉત્પાદનનું ૫૦ %નું આ પ્રાણીઓ ખેતીને નુકશાન કરે છે.

સરકારે ડુંગળી અને કપાસનો નિકાસ બંધ ઉપાડી ખેડૂતોને પુરતા પ્રમાણમાં પોષણક્ષમ ભાવ મળે તેવી વ્યવસ્થા કરવી જરૂરી છે. ઓછા ભાવના કારણે ખેડૂતોને તમામ પ્રકારના બજેટો ખોરવાઈ જાય છે. તેમના દિકરા-દિકરીઓને સારૂ શિક્ષણ આપી શકતા નથી. તેમના પ્રસંગોનું બજેટ ખોરવાઈ જાય છે. તેમ વંડા પંથકના પીઢ ખેડૂત આગેવાન મનજીભાઈ તલાવીયાએ રજુઆત કર્યાનું જણાવ્યું છે.

### પંચાયતની સામાન્ય સભામાં અધ્યક્ષ હાજર રહેતા નથી

# કુંકાવાવના લાખાપાદરમાં સરપંચ ઉપસરપંચ સહિતને સસ્પેન્ડ કરો

## ન્યાય સમિતી ચેરમેન મનસુખભાઇ ચાવડાની રજુઆત

અમરેલી,

કુંકાવાવ તાલુકા વિકાસ અધિકારીને પત્ર પાઠવી લાખાપાદર ગ્રામ પંચાયતના સામાજિક ન્યાય સમિતી ચેરમેન મનસુખભાઈ ચાવડાએ કરેલી રજુઆતમાં જણાવ્યુ છે કે આશરે બે વર્ષથી ગ્રામ સભા અને સામાન્ય સભા કાગળ ઉપર થાય છે. સરપંચ અને ઉપસરપંચ આજ સુધી પંચાયત સુધી આવેલ નથી. મહિલા સરપંચના પતિ જ વહીવટ કરે છે. તા.૨-૨-૨૪ના શુક્રવારે મિટીંગ યોજાઈ હતી. તેમાં તલાટી મંત્રીને પુછતા જણાવ્યું કે સરપંચ હાજર નથી તેઓ લગ્નના શુટિંગનું કામ કરે છે. આમ બે વર્ષથી એક પણ સભ્ય હાજર ન રહેતા. પંચાયત ધારા મુજબ સસ્પેન્ડ કરવા માંગણી કર્યાનું મનસુખભાઈ આણંદભાઈ ચાવડાએ જણાવ્યું છે.

# ગાવડકામાં ૧૮મીએ સંતવાણી ડાયરો યોજાશે

## ગાવડકા ગામ સમસ્ત અને ગૌસ્વામી પરિવારનું આયોજન

બાબાપુર, (હસમુખ રાવળ) અમરેલીના ગાવડકા ગામે શ્રી નિલકંઠ મહાદેવ મંદિર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ નિમિતે તા.૧૮-૨-૨૪ રવિવારે સંતવાણી ડાયરો યોજાશે જેમાં કલાકારો મહેશબાપુ ગૌસ્વામી, વિજયભાઈ ગઢવી, દલસુખભાઈ પ્રજાપતી અને કલાકારો ડાયરાની જમાવટ કરશે સંતશ્રી સુખદેવપરીબાપુ ચેતન સમાધી સ્થાન ગાવડકા ખાતે સંતવાણી ડાયરાનો લાભ લેવા ગાવડકા ગામ સમસ્ત અને ગૌસ્વામી દ્વારા જણાવાયુ છે.

## સરકારની યોજનાના લાભાર્થીઓ સાથે સંવાદ કાર્યક્રમને કારણે ૧૦મીએ સાવરકુંડલા યાર્ડ બંધ

સાવરકુંડલા, આગામી તા.૧૦-૨-૨૪ શનિવારના રોજ સરકારશ્રીની યોજનાના લાભાર્થીઓ સાથે સંવાદ કાર્યક્રમના કારણે સાવરકુંડલા માર્કેટયાર્ડ તા.૧૦-૨-૨૪ના રોજ તમામ કામકાજ બંધ રાખશે. તા.૧૨-૨-૨૪ને સોમવારથી માર્કેટ યાર્ડનું કામકાજ રાબેતા મુજબ શરૂ થશે તેમ સાવરકુંડલા માર્કેટ યાર્ડના સુત્રોએ જણાવ્યું છે.

### જિલ્લા મજદુર સંઘ અને જિલ્લા આંગણવાડી કર્મચારી સંઘ દ્વારા

# સાવરકુંડલામાં જિલ્લા મજદુર સંઘનું અધિવેશન યોજાયું

## અધિવેશનમાં ૧૦૦થી વધુ કર્મચારીઓના પ્રતિનિધિઓએ હાજરી આપી



સાવરકુંડલા, સાવરકુંડલા મુકામે રિદ્ધિ સિદ્ધિ મહાદેવ મંદિરે, અમરેલી જિલ્લા મજદૂર સંઘનું વાર્ષિક અધિવેશન અને અમરેલી જિલ્લા આંગણવાડી કર્મચારી સંઘ નું વાર્ષિક અધિવેશન સંયુક્ત ઉપક્રમે રાખેલ જેમાં ૧૦૦ કર્મચારીઓના પ્રતિનિધિઓએ અધિવેશનમાં હાજરી આપેલ આ અધિવેશનમાં પાણી પુરવઠા, એસ.ટી. પરિવહન, આંગણવાડી, આશાવર્કર/ફેસીલીટર વિગેરે વિભાગના કર્મચારીઓએ હાજરી આપેલ હતી, આ કાર્યક્રમમાં ભારતીય મજદૂર સંઘના પ્રદેશ સહ સંગઠન મંત્રી શ્રી પ્રહલાદ સિંહ ગોહિલ, તથા સાવરકુંડલા ના આર.એસ.એસ.ના સહ કાર્યવાહક શ્રી જયદીપ ભાઈ ગોહિલ તથા સમારોહના અધ્યક્ષ શ્રી હેમુભાઈ પંડ્યા તથા જિલ્લા મંત્રી શ્રી જયેશભાઈ નિમાવત તથા બંને યુનિયનના કોષાધ્યક્ષ શ્રી કેતનભાઈ પંડ્યાએ હાજરી આપેલ, પ્રદેશમાંથી પધારેલ પદાઅધિકારીઓએ બંને યુનિયનના મુખ્ય નવનિયુક્ત હોદેદારોની વરણી કરી હતી જેમાં અમરેલી જિલ્લાના ભારતીય મજદૂર સંઘમાં મંત્રી તરીકે જયેશભાઈ નિમાવત (પાણી પુરવઠા) તથા અધ્યક્ષ તરીકે મુકેશભાઈ મેતલીયા (મધ્યાહન ભોજન) તથા કોષાધ્યક્ષ તરીકે શ્રી હેમુભાઈ પંડ્યા ની વરણી કરી હતી, અને અમરેલી જિલ્લા આંગણવાડી કર્મચારી સંઘમાં નવનિયુક્ત હોદેદારોમાં મહામંત્રી તરીકે શ્રી દેવલબેન ત્રિવેદી (અમરેલી) અને અધ્યક્ષ (પ્રમુખ) તરીકે મયુરીબેન બારૈયા (જાફરાબાદ) તથા કોષાધ્યક્ષ તરીકે સવિતાબેન બી પંડ્યા (લાઠી) નિયુક્તિ કરેલ હતી, આ મિટિંગમાં ભારતીય મજદૂર સંઘના પદાધિકારીઓએ અમરેલી જિલ્લાના તમામ ક્ષેત્રમાં અમરેલી જિલ્લાના તમામ તાલુકાના ગામે ગામ સુધી ભારતીય મજદૂર સંઘનો વ્યાપ વધે અને સભ્ય સંખ્યા વધારેમાં વધારે થાય તેઓ પ્રયત્ન કરવાની વાત કરી હતી અને તમામ કર્મચારીઓને ગત વર્ષમાં થયેલ કામનો કર્મચારીઓને ખૂબ જ આત્મસંતોષ હતો અને દરેક હોદેદારોને બિરદાવ્યા હતા, આ મીટીંગને સફળ બનાવવા માટે સાવરકુંડલા એસટી પરિવહન માં નોકરી કરતા નયન સ્વામી તથા પાણી પુરવઠા માં નોકરી કરતા હમીદભાઈ ચૌહાણ તથા રમેશભાઈ મકવાણા તથા મનસુખભાઈ પરનાળીયા એ સખત જહેમત ઉઠાવી.

### ૪ એપ્રિલથી પ્રાથમિક શાળાઓમાં વાર્ષિક પરિક્ષા

# ગુજરાત માધ્યમિક, ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા વાર્ષિક પરિક્ષા કાર્યક્રમ જાહેર કરાયો

## તા.૧૧ માર્ચથી ૨૬ માર્ચ સુધી ધો. ૧૦-૧૨ બોર્ડની પરિક્ષા લેવાશે : પ્રાથમિક શાળાઓમાં મે મહિનામાં વેકેશન પડશે : પરિક્ષા બાદ તુરત જ પરિણામ જાહેર કરવા શિક્ષણતંત્રનું આયોજન

અમરેલી,

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ ગાંધીનગરની યાદી મુજબ ધો. ૧૦ એસએસસી સંસ્કૃત પ્રથમા અને ધો. ૧૨ એચ.એસ.સી. વિજ્ઞાન પ્રવાહ તથા સામાન્ય પ્રવાહ અને ઉચ્ચતર બુનિયાદી, વ્યવસાય લક્ષી, સંસ્કૃત માધ્યમના ઉમેદવારોની ૨૦૨૪ની પરીક્ષા તા.૧૧-૩-૨૪ થી તા.૨૬-૩-૨૪ દરમિયાન લેવામાં આવશે. નિયત કાર્યક્રમ મુજબ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક બોર્ડમાં તા.૧૧ માર્ચે ભૌતિક વિજ્ઞાન, તા.૧૩મીએ રસાયણ વિજ્ઞાન, તા.૧૫મીએ જીવ વિજ્ઞાન, તા.૧૮મીએ ગણિત, તા.૨૦મીએ અંગ્રેજી, તા.૨૨મીએ ગુજરાત, હિન્દી, મરાઠી, ઉર્દુ, સિંધી, તામીલ વિશેની પરિક્ષા લેવાશે. ધો. ૧૦ માધ્યમિક શાળાન્ત પરીક્ષા પણ તા.૧૧ના રોજ લેવાશે જેમાં ૧૧મીએ ગુજરાતી, હિન્દી, મરાઠી, અંગ્રેજી તા.૧૩મીએ સ્ટાન્ડર્ડ ગણિત, બેઝિક ગણિત, તા.૧૫મીએ સામાન્ય વિજ્ઞાન, તા.૧૮મી વિજ્ઞાન, તા.૨૦મીએ અંગ્રેજી, તા.૨૧મીએ ગુજરાતી, તા.૨૨મીએ હિન્દી, સંસ્કૃતની પરીક્ષા લેવાશે. ધો.૧૨ સામાન્ય પ્રવાહ અને ઉચ્ચતર બુનિયાદી પ્રવાહમાં તા.૧૧ માર્ચે નામાના મુળત્વો, તા.૧૨મીએ સેક્રેટરીયલ પ્રેકટિસ, તા.૧૩મીએ અર્થશાસ્ત્ર, તા.૧૪મીએ આંકડાશાસ્ત્ર, તા.૧૫મીએ મનોવિજ્ઞાન, તા.૧૬મીએ તત્વજ્ઞાન, તા.૧૮મીએ વાણિજય વ્યવસ્થા, તા.૧૯મીએ ગુજરાતી, અંગ્રેજી, તા.૨૦મીએ ગુજરાતી, હિન્દી, તા.૨૧મીએ હિન્દી, તા.૨૨મીએ કોમ્પ્યુટર પરિચય તા.૨૩મીએ સંસ્કૃત, તા.૨૬મીએ સમાજશાસ્ત્રની પરિક્ષા લેવાશે. ધો. ૧૦-૧૨ બોર્ડ ઉપરાંત રાજયભર પ્રાથમિક શાળાઓમાં પણ ૪ એપ્રિલથી પરીક્ષાઓ શરૂ થશે. ધો.૧ અને ૨માં લેખિત પરીક્ષા લેવાતી નથી ધો. ૩ થી ૮ માં લેવાય છે. તે ૪ એપ્રિલથી શરૂ થશે. પરીક્ષા બાદ થોડા દિવસોમાં જ પરીણામ જાહેર કર્યા બાદ મે મહિનામાં વેકેશન પડશે તેમ જણાવાયું છે.

### પહેલા પાનાનું

### સફળ ઓપરેશન

દરમ્યાન ડોકટર દ્વારા મસાનો બાયોપ્સી રિપોર્ટ કરાવતા તેમાં ચામડીનું કેન્સર હોવાનું જણાયું હતુ. અત્યાર સુધી આ પ્રકારના કેન્સરની જટિલ સર્જરી માટે લોકોને અમદાવાદ સુધી સારવાર લેવા જવું પડતું હતું. પરંતુ આ કિસ્સામાં શાંતાબા મેડીકલ કોલેજના ડીન અને ઈશ્ સર્જન એવા નિષ્ણાંત ડો.વિકાસ સિન્હા દ્વારા શાંતાબા જનરલ હોસ્પિટલ અમરેલી ખાતે જ આ સર્જરી કરવામાં આવી હતી. જેમાં કેન્સર યુક્ત મસાને દુર કરી ફ્લેપ રીકન્સટ્રકશન એટલે કે પ્લાસ્ટીક સર્જરી કરવામાં આવી હતી. અ સમગ્ર ઓપરેશનમાં ડો.વિકાસ સિન્હા અને તેમની ટીમના ઈશ્ સર્જન ડો.સંજય ટોટા તથા એનેસ્થેસીયા વિભાગના પ્રોફેસર ડો.રવિ પરમાર અને ડો.કિશનનો પણ મહત્વપૂર્ણ ફાળો રહ્યો હતો.

ગજેરા ટ્રસ્ટ દ્વારા હોસ્પિટલ સંભાળ્યા બાદ અમરેલી જીલ્લા તથા આસપાસ જરૂરિયાતમંદ દર્દીઓને બહોળા પ્રમાણમાં વિનામૂલ્યે સારવારનો લાભ મળી રહેલ છે. ગજેરા ટ્રસ્ટના ચેરમેન શ્રી વસંતભાઈ ગજેરા એ પોતાના વિનામૂલ્યે લોકોને ઉતમકક્ષાની સારવાર મળી રહે તેવા સમાજ સેવાના સ્વપ્નને સાકાર કરવા બદલ ડીન શ્રી વિકાસ સિન્હા અને તેમની ટીમને ખુબ ખુબ અભિનંદન પાઠવ્યા હતા.

**શિક્ષણ બોર્ડ દ્વારા શરૂ કરવામાં આવેલ ટોલ ફ્રી હેલ્પલાઇન નંબર ૧૮૦૦ ૨૩૩ ૫૫૦૦ પર ફોન કરી વિદ્યાર્થીઓ પોતાની મૂંઝવણ દુર કરી શકાશે**

# અમરેલીનાં ચિતલ રોડનો પ્રશ્ન ઉકેલાઇ જતા ખુશી વ્યાપી

## ચિતલ રોડના આગેવાનોએ આભારની લાગણી વ્યક્ત કરી



અમરેલી, અમરેલી શહેરનાં ચિતલ રોડ દ્વારકેશનગર સોસાયટીમાં ઘણા સમયથી રોડનો પ્રશ્ન હતો આ રોડ પ્રશ્ને સોસાયટીના રહીશો દ્વારા રજુઆત શ્રી જીતુભાઈ બથવાર તથા અનુજાતી મોરચાના પુર્વ પ્રભારી અને અનુજાતી મોરચાના મંત્રી લક્ષ્મણભાઈ બગડા, ગૌરીશંકરભાઈ શ્રીમાળી, જીજ્ઞેશ દાફડા, હિતેષ સોલંકીને રજુઆત કરાતા દ્વારકેશનગર રોડનું કામ કરવામાં આવતા આ વિસ્તારમાં ખુશી વ્યાપી ગઈ છે રોડ બનતા દ્વારકેશનગરના રહીશો શ્રી મનસુખભાઈ ડાભી, હરજીવનભાઈ દાફડા, મોહનભાઈ ડાભી, ડાયાભાઈ શ્રીમાળી, જીલુભાઈ વિંઝુડા, છનાભાઈ પરમાર તેમજ દ્વારકેશનગરના રહીશોએ અમરેલી પાલિકાના પુર્વ કારોબારી ચેરમેન અને પાલિકા સદસ્ય સુરેશભાઈ શેખવા, સદસ્ય તુલસીભાઈ મકવાણા તેમજ લક્ષ્મણભાઈ બગડાનો આભાર વ્યક્ત કર્યાનું સંયુક્ત યાદીમાં જણાવ્યુ છે.

### પ્રદેશ ભાજપ દ્વારા રાષ્ટ્રીય અધ્યક્ષના માર્ગદર્શન નીચે દેશભરમાં અભિયાન શરૂ થતાં

# અમરેલી તાલુકાની ૪ જિલ્લા પંચાયતની બેઠકોમાં સીટ વાઇઝ કાર્યશાળા યોજાઇ

## ભાજપ દ્વારા ગાવ ચલો અભિયાન અંતર્ગત આયોજન કરાયું: ભાજપના આગેવાનો, પદાધિકારીઓની ઉપસ્થિતિ



અમરેલી,

આપણા દેશના ભારતિય જનતા પાર્ટીના યશસ્વી અને આદરણીય પ્રધાનમંત્રીશ્રી તથા રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી જે.પી.નડ્ડા ના માર્ગદર્શનથી સમગ્ર દેશમાં ગાવ ચલો અભિયાન ચાલી રહ્યું છે ત્યારે પ્રદેશ ભાજપ દ્વારા સમગ્ર ગુજરાત મા આ અભિયાનની ખૂબ સફળતા પૂર્વક શરૂ હોય જે અન્વયે ભારત સરકારના મંત્રી આદરણીયશ્રી રૂપાલા, દેશના સહકારી આગેવાન શ્રી દિલીપભાઈ સંઘાણી તથા વિધાનસભાના નાયબ મુખ્ય દંડક શ્રી કૌશિકભાઈ વેકરિયા ના માર્ગદર્શનથી તથા જિલ્લા ભાજપ ની સૂચના મૂજબ અમરેલી તાલુકા ભાજપ પ્રમુખ ઘનશ્યામ ત્રાપસિયા ના નેતૃત્વ મા અમરેલી તાલુકામા આ અભિયાન અંતર્ગત ઈન્ચાર્જ કિશોરભાઈ કાનપરિયા, સહ ઈન્ચાર્જ ગણપતભાઈ સેંજલિયા તથા તાલુકા ભાજપ પરિવાર દ્વારા સફળતા પૂર્વક કામગીરી ના ભાગરૂપે ગાવ ચલો અભિયાન મા અમરેલી તાલુકા ના તમાંમ ગામે આગેવાનોને જવાનુ હોય જેના પ્રથમ ચરણ મા અમરેલી તાલુકાની ચાર (૪) જિલ્લા પંચાયત સીટ વાઈઝ કાર્યશાળાનુ આયોજન જિલ્લા પંચાયતના સદસ્યશ્રી સુરેશભાઈ પાથર, પ્રવીણભાઈ માંગરોળીયા, મુકેશભાઈ બગડા, શંભુભાઈ મહીડા દ્વારા પોતાના મતવિસ્તાર સીટ મા આયોજન કરવામાં આવેલ જેમા જિલ્લા ભાજપ મારફત વક્તા તરીકે મુકુંદભાઈ મહેતા, દિવ્યેશભાઈ વેકરિયા, અનિલભાઈ વેકરિયા, તથા કોમલબેન રામાણીની નિયુકિત કરેલ જેઓએ ગાવ ચલો અભિયાન દરમિયાન પ્રવાસી આગેવાન, સ્થાનિક આગેવાનોની ભૂમિકા તથા કામગિરી વિશે મહત્વનું માર્ગદર્શન આપવામાં આવેલ તથા તાલુકા ભાજપ પ્રમુખ ઘનશ્યામ ત્રાપસિયા દ્વારા અમરેલી તાલુકા ભાજપના વડિલો, આગેવાનો તથા ઉપસ્થિતિ કર્મઠ કાર્યકર્તાઓ પર પુર્ણ વિશ્વાસથી મંચ પરના વકતાશ્રી, આગેવાનોને ખાત્રી આપવામાં આવેલ કે આપશ્રીએ આપેલ માર્ગદર્શનથી આપની અપેક્ષા મુજબ તમામ ગામ તથા બુથમા સફળ પરિણામ મળશે, આ કાર્યશાળાના જિલ્લા પંચાયત સીટ ના ઈન્ચાર્જ અને જિલ્લા પંચાયત સદસ્યશ્રીએ સીટ મા શ્રેષ્ઠ કામગીરીની ખાત્રી આપી હતી જે વર્ગમા લોકસભા ના વિસ્તારક શૈલેન્દ્રસિંહ જાડેજા, પ્રદેશ, જિલ્લા ભાજપ આગેવાનો, તાલુકા પંચાયતના તમામ પદાધિકારીઓ, સદસ્યશ્રી, તાલુકા ભાજપના હોદેદારો, મોરચાના હોદેદારો, શકિતકેંદ્રના ઈનચાર્જ - પ્રભારી, અભિયાનના પ્રવાસી તથા સ્થાનિક સંયોજક, બુથ ના આગેવાનો તથા તાલુકા ભાજપના જવાબદાર કાર્યકર્તાઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં જે કિશોરભાઈ કાનપરીયા તથા ગણપતભાઈ સેંજલિયા ની યાદીમાં જણાવેલ છે

## શ્રી યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ ચલાલા દ્વારા

# ચલાલામાં સર્વજ્ઞાતી સમુહલગ્નોત્સવ યોજાશે

**યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ દ્વારા સર્વજ્ઞાતી સમુહ લગ્નોત્સવ સાથે રક્તદાન શિબીર અને શ્રી કાનજી ભુટા બારોટ એવોર્ડ અર્પણ તથા લોકડાયરાનું ભવ્ય આયોજન**

**ભવ્ય સર્વજ્ઞાતી સમુહ લગ્નોત્સવમાં ૨૮ નવદંપતિ પ્રભુતામાં પગલા માંડશે : એવોર્ડ અર્પણ સમારોહમાં પૂ.શ્રી મોરારીબાપુ, સંસ્થાના વડા પૂ.રતિદાદા, ગાયત્રી પરિજનોની ઉપસ્થિતિ : ત્રિવીધ કાર્યક્રમો**

ચલાલા,શ્રી યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ ચલાલા દ્વારા ૨૦મો સર્વજ્ઞાતી સમુહ લગ્નોત્સવ તથા રક્તદાન શિબીર તા.૧૮-૨-૨૪ રવિવારે યોજાશે તા.૧૭-૨-૨૪ શનિવારે કાનજી ભુટા બારોટ એવોર્ડ અર્પણ અને લોકડાયરો યોજાશે. સમુહ લગ્નોત્સવમાં ૨૮ નવદંપતિઓ પ્રભુતામાં પગલા માંડશે આ કાર્યક્રમમાં પૂ. મોરારીબાપુના વરદ હસ્તે શ્રી છેલભાઈ વ્યાસ અમરેલીને કાનજી ભુટા બારોટ એવોર્ડ તા.૧૭ શનિવારે સાંજે ૬ કલાકે હરીબા મહિલા કોલેજ ખાતે અર્પણ કરાશે સર્વજ્ઞાતી સમુહ લગ્નમાં દાતાઓ તરફથી તમામ કરીયાવાર અપાશે. ગાયત્રી સંસ્કાર ધામ ખાતે કાર્યક્રમનો લાભ લેવા સંસ્થાના વડા પૂ. રતિદાદા, શ્રી મનુભાઈ બારોટ, મહેશભાઈ મહેતાએ જણાવ્યુ છે. આ કાર્યક્રમમાં લાલજીભાઈ ખુંટ, મનહરસિંહ ગોહીલ, ગીજુભાઈ ભરાડ, નારણભાઈ કાછડીયા, કૌશીકભાઈ વેકરીયા, જે.વી.કાકડીયા, ઉપેન્દ્રભાઈ વાળા, ગીતાબેન કારીયા, જયરાજભાઈ વાળા, તુલસીરાજસિંહ ગોહીલ, એલ.એમ.હીરપરા, હિંમતભાઈ સોંગા, એ.ડી. રૂપારેલ, અનિરૂધ્ધભાઈ વાળા, હર્ષદભાઈ ભગત, ડો.વિનોદભાઈ રાઠોડ, ડો.પી.પી.પંચાલ, ડો. વાઘેલા, ડો. માધવીબેન ઠાકરે, અવધ ટાઈમ્સના તંત્રી શ્રી ભરતભાઈ ચૌહાણ, પ્રકાશભાઈ કારીયા, સુરેશભાઈ પટેલ, અશ્વિનભાઈ જાની સહિત મહાનુભાવો ઉપસ્થત રહેશે તેમ જણાવ્યુ છે.

## ચલાલામાં સર્વરોગ નિદાન કેમ્પ યોજાશે

ચલાલા,વિવિધ સેવાકીય કર્યો કરનાર ચલાલાના યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ દ્વારા ગાયત્રી સંસ્કાર કેન્દ્ર, ધારી રોડ ચલાલા ખાતે આગામી તા.૧૪-૦૨-૨૦૨૪બુધવારના રોજ ૨૬ ૩મો નેત્રયજ્ઞ ,દંતયજ્ઞ, સર્વરોગ કેમ્પનું આયોજન કરેલ છે. રણછોડદાસજી બાપુ ચેરીટેબલ હોસ્પિટલ તથા જીલ્લા અંધત્વ નિવારણ સમિતિના ઉપક્રમે યોજાનાર આ કેમ્પમાં નિષ્ણાંત ડોક્ટરોની ટીમ સેવા આપશે.

## ઇશ્વરીયા પ્રા. શાળામાં ડેમોસ્ટ્રેશન યોજાયું



અમરેલી,પીએમ શ્રી મદદ શ્રી ઈશ્વરીયા પ્રાથમિક શાળામાં ૧૦૮ સેવાનું ડેમોસ્ટ્રેશન આપવામાંઆવ્યું. આ તકે ૧૦૮ ટીમના લીડર કલ્પેશભાઈ દ્વારા ૧૦૮ સેવાની વિસ્તૃત માહિતી બાળકોને આપી હતી. ૧૦૮ સેવાનો ઉપયોગ કઈ પરિસ્થિતિમાં કરવો તે અંગે અને કોઈ આકસ્મિક ઘટના ઘટે તો કેવા પગલાં લેવા તેના વિશે પણ સુંદર સમજૂતી આપવામાં આવી હતી. આ તો કે એસએમસીના ઉપાધ્યક્ષ શ્રી દિનેશભાઈ રૂપાલા ઉપસ્થિત રહ્યા હતા અને ડેમોસ્ટ્રેશન ના અંતે આચાર્ય શ્રી પરેશભાઈ ગાંગડીયા દ્વારા ૧૦૮ સેવાની વિસ્તૃત માહિતી આપવા બદલ કલ્પેશભાઈ તથા ૧૦૮ ટીમનો આભાર માન્યો હતો.

## કેપિટલ સ્મોલ ફાઇનાન્સ બેંકે ઇક્વિટી શેર દીઠ રૂ. ૪૬૮ના અપર પ્રાઇઝ બેન્ડ પર ૧૯ એન્કર ઇન્વેસ્ટર્સ પાસેથી રૂ. ૧૫૬.૯૨ કરોડ એકત્રિત કર્યા

અમદાવાદ, (રાજેશ મહેતા)
કેપિટલ સ્મોલ ફાઈનાન્સ બેંક લિમિટેડે પ્રત્યેક ઈક્વિટી શેરની રૂ. ૧૦ની ફેસ વેલ્યુ સાથે ઈક્વિટી શેર દીઠ રૂ. ૪૬૮ના અપર પ્રાઈઝ બેન્ડ પર ૩૩,૫૩,૦૧૩ ઈક્વિટી શેર્સ ફાળવ્યા છે. નોન-એન્કર ઓફર બુધવાર, ૭ ફેબ્રુઆરી, ૨૦૨૪થી શુક્રવાર, ૯ ફેબ્રુઆરી, ૨૦૨૪ સુધી ખુલ્લી છે. પ્રાઈઝ બેન્ડ શેર દીઠ રૂ. ૪૪૫-૪૬૮ છે. લઘુતમ બિડ ૩૨ શેર્સ અને ત્યારબાદ ૩૨ શેર્સના ગુણાંકમાં કરી શકાશે. એન્કર બુક લિંક https&//www.bseindia.com/markets/MarketInfo/DispNewNoticesCirculars.aspx?page=20240206-40. કેપિટલ સ્મોલ ફાઈનાન્સ બેંક લિમિટેડે પ્રત્યેક શેર દીઠ રૂ. ૧૦ના ફેસ વેલ્યુ સાથે ઈક્વિટી શેર દીઠ રૂ. ૪૬૮ના અપર પ્રાઈઝ બેન્ડ પર (જેમાં ઈક્વિટી શેર દીઠ રૂ. ૪૫૮નું પ્રિમિયમ સમાવિષ્ટ છે) કંપનીના સૂચિત આઈપીઓ પહેલા ૧૯ એન્કર ઈન્વેસ્ટર્સને ૩૩,૫૩,૦૧૩ ઈક્વિટી શેર્સ ફાળવ્યા છે અને રૂ. ૧૫૬.૯૨ કરોડ એકત્રિત કર્યા છે.

## ચલાલામાં વયનિવૃત થતાં રેલી યોજાઇ



અમરેલી,અમરેલી જિલ્લાના ચલાલા ગામે આજે ભવ્ય રેલીનું આયોજન કરવામાં આવ્યું. વીસ વર્ષ સુધી ભારતીય સેનામાં ફરજ બજાવ્યા બાદ વયનિવૃત થયાં છે. કાઠી સમાજનું ગુજરાતમાં એક અનોખુ નામ રોશન કર્યા બાદ ભરતભાઈ વાળા નિવૃત થયાં છે. આજે ચલાલા ખાતે સમસ્ત ક્ષત્રિય સમાજ દ્વારા ભવ્ય રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. અંદાજે ૨૦૦ થી વધુ ગાડીઓનાં કાફલા સાથે રેલી યોજવામાં આવી હતી. ભરતભાઈ વાળાની આ સેવાને વધાવવા માટે સમસ્ત ક્ષત્રિય સમાજ સાથે ચલાલા ગામની જનતા જોડાય હતી.

## બાબરાના તાઇવદરમાં રોડની હાલત બિસ્માર

બાબરા,
બાબરા તાલુકાના કરીયાણા રોડ થી તાઈવદર જવા માટે સડક આવેલ છે. આ સડક ઉપર ભંગળશા પીરની દરગાહ આવેલ છે. આ દરગાહની બાજુ માંથી તાઈવદર જવાની સડક આવેલ હોય આ સડક ખૂબ જ બિસ્માર હાલતમાં આવેલ છે. તાઈવદરના લોકોનું બાબરા શહેરમાં હટાણુ (ખરીદી) કરવા માટે લોકો આવતા હોય અને લોકોને આ રસ્તેથી મોટર સાઈકલ તેમજ વાહનો લઈને આવવામાં ભારે મુશ્કેલી પડે છે કરીયાણા રોડ થી તાઈવદર જવાની સડક ખૂબ જ ખરાબ સ્થિતીમાં અને ખાડા પડેલ હોય જેથી આ સડક નવી બનાવવા અમારી લાગણી સાથે માંગણી છે.

### છેલ્લા પાનાનું
## ૧૦મીએ લોકાર્પણ

ભુપેન્દ્રભાઈ પટેલ બનાસકાંઠા જિલ્લાના ડીસા ખાતેથી સમગ્ર રાજયમાં આવાસ યોજનાના લાભાર્થીઓને ગૃહપ્રવેશ/ખાતમુહૂત કરાવવાના છે. આ કાર્યક્રમમાં માન.પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદી પણ વર્ચ્યુઅલી ઉપસ્થિત રહી કુંભારીયા હાઉસીંગ કોલોની, જલોત્રા હાઉસીંગ કોલોની પી.એમ.એ.વાય ગ્રામીણ તથા શહેરી આવાસના લાભાર્થીઓ સાથે ટુ વે સંવાદ કરશે. સમગ્ર રાજયની સાથે અમરેલી જિલ્લાના તાલુકાઓમાં પણ આવાસ યોજનાના મકાનોનો લોકાર્પણ અને ખાતમુહૂર્ત કાર્યક્રમ યોજાનાર છે. તા.૧૦ મી ફેબ્રુઆરીના રોજ અમરેલી જિલ્લાની પાંચ વિધાનસભા બેઠકોમાં યોજનાર કાર્યક્રમમાં ૯૧૨ લાભાર્થીઓના આવાસનું લોકાર્પણ કરવામાં આવશે. જેમાં પ્રધાનમંત્રી આવાસ યોજના, પંડિત દિનદયાળ આવાસ યોજના અને આંબેડકર આવાસ યોજનાના મકાનનો સમાવેશ થાય છે જેમાં વિધાનસભા મતવિસ્તાર દીઠ ૩ લાભાર્થી પ્રતિભાવ રજૂ કરશે તેમજ ૫ લાભાર્થીઓને ચાવીની પ્રતિકૃતિ અર્પણ કરવામાં આવશે. આ કાર્યક્રમ અંતર્ગત ધારીની દામાણી હાઈસ્કુલ ખાતે ધારી, બગસરા, ખાંભા વિધાનસભા મતવિસ્તારનો કાર્યક્રમ યોજાશે. ખેડૂત તાલીમ ભવન અમરેલી ખાતે અમરેલી, કુંકાવાવ-વડિયા વિધાનસભા મતવિસ્તારના લાભાર્થીઓનો કાર્યક્રમ યોજાશે. લાઠી એપીએમસી ખાતે લાઠી-બાબરા વિધાનસભા મતવિસ્તારના લાભાર્થીઓનો કાર્યક્રમ યોજાશે. જ્યારે સાવરકુંડલા એપીએમસી ખાતે સાવરકુંડલા-લીલીયા વિધાનસભા મતવિસ્તારના લાભાર્થીઓનો સમારોહ યોજાશે. રાજુલા એપીએમસી ખાતે રાજુલા, જાફરાબાદ વિધાનસભા મતવિસ્તારના લાભાર્થીઓનો કાર્યક્રમ યોજાશે. તમામ કાર્યક્રમનો પ્રારંભ તા. ૧૦ ફેબ્રુઆરી, ૨૦૨૪ના રોજ બપોરે ૧૨.૦૦ કલાકે થશે. આ કાર્યક્રમમાં વિધાનસભા મતવિસ્તાર દીઠ ખૂબ જ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહેવા તમામ લાભાર્થીઓ તથા આમ જનતાને જિલ્લા ગ્રામવિકાસ એજન્સીની એક યાદીમાં અનુરોધ કરવામાં આવ્યો છે.

### અવસાન નોંધ

અમરેલી

મહેશકુમાર મુકુંદરાય દવેના ધર્મપત્ની અલ્કાબેન તે હર્ષદભાઈ મણીશંકર શુકલના પુત્રી અને મહેન્દ્રભાઈ શુકલ, શરદભાઈ શુકલના બેનનું તા.૭-૨-૨૪ના રોજ અવસાન થયું છે. સદગતની સાદડી તા.૮-૨-૨૪ ગુરૂવાર સાંજે ૪થી ૬ નિવાસ સ્થાન જલારામ નગર-૧, નટરાજ પાનવાળી શેરીમાં રાખેલ છે.

## બાબરાના ગળકોટડીમાં સંગીત દિવસની ઉજવણી



બાબરા, (દિપક કનૈયા) બાબરા તાલુકાનાં ગળકોટડી પ્રા.શાળા ખાતે ૬૬માં ધ ગ્રેમી એવોર્ડ્સમાં ભારતના સંગીતકારો એ એકસાથે ૭ એવોર્ડ્સ મેળવતા તેની ખુશાલી સાથે સંગીત દિવસની ઉજવણી કરવામાં આવી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે ગ્રેમી એવોર્ડ્સ સંગીતની દુનિયામાં અપાતો સૌથી મોટો એવોર્ડ છે, ત્યારે ભારત દેશના મહાન સંગીતકારો એકસાથે સાત એવોર્ડ દેશ માટે જીતીને લાવ્યા ત્યારે ગળકોટડી પ્રા.શાળાના વિદ્યાર્થીઓ દ્વારા ખુશાલી મનાવવાના ભાગરૂપે સંગીત દિવસ ઉજવ્યો હતો. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ પાયાની માહિતી મેળવતા ખૂબ ખુશ જણાતા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા શાળા પરિવારના ભાઈઓ-બહેનોએ ભારે જહેમત ઉઠાવી હતી.

## નિયમનો ભંગ કરી સોલાર પેનલ ઉભી કરાતા રોષ



અમરેલી, કેન્દ્ર સરકાર અને રાજયસરકારની માર્ગદર્શન ગાઇડ લાઇન મુજબ સોલાર પેનલ ઉભી કરી વિજળી ઉત્પન્ન કરવાનો સરકારનો ઉદેશ બરોબર છે. તેના કારણે વિજળી ઉત્પાદન થશે અને ભવિષ્યમાં વિજળીની તંત્ર નિવારી શકાય છે. પરંતુ મોટા ઉધોગપતિ સરકારની સબસીડી મેળવવા ખાતર અને પોતાના ધંધાના અંગત લાભ માટે અમરેલી જિલ્લા સિંચાઈ અને વન્ય પ્રાણી માટે મહત્વનો છે. જિલ્લાના તમામ તાલુકા રક્ષિત જંગલ અને કોરેસ્ટ આપેલ છે. તેની જાણ થાય તે માટે તંત્ર ખુબ જ કાળજી રાખે તે જરૂરી છે. હાલ જે જમીન ખરીદી રહેલ છે અને કરાર ઉપર લેવાઈ રહી છે તે જોતા આ તમામ બાબતનો ભંગ થાય તેવુ લાગી રહયુ છે. અગાઉ અમરેલી જિલ્લામાં પવનચકકી ઉભી કરવા તેમજ સાયલો ઉભા થયા તેમાં આવી બાબતને ધ્યાને લઈ તંત્રીને કડક સુચના આપશો તેવી પર્યાવરણપ્રેમી અને વન્ય પ્રાણી પ્રેમી તરીકે મારી આ પત્રથી ટિકુભાઈ વરૂએ રજુઆત કરી છે.

## સાવરકંડલા છાપરીમાં પવનચક્કીને કારણે લોકો પરેશાન



વીજપડી,સાવરકુંડલા તાલુકાના છાપરી ગામે.પવન ચક્કી પ્રોજેકટ કારણે ગામ લોકો પરેશાન.છાપરી ગામને અડીને આમગણોતો ગામમાંજ.જે તે સમયે ગ્રામ પંચાયત ના સત્તાધિશોએ ગામલોકોનાં સ્વાસ્થ્યનો કે નાના વિદ્યાર્થીઓનાં ભવિષ્યનો વિચાર કર્યો વગર.તે સમયે પંચાયત દ્વારા મંજૂરી આપવામાં આવી. જમીન સરકારી ગૌચર છે કે માલીકીની તે પણ તપાસ થવી જોઈએ. હાલમાં તો ગામ નાં રહેવાસી ઓને આ પવન ચક્કી નાં આવાજ નાં કારણે કાનમાં બહેરાશ થવી.રહેણાંક મકાનોમાં નુકસાન થવું.શાળા માં ભણતા વિદ્યાર્થીઓ ને અભ્યાસ કરવામાં તકલીફ થવી.ગામ લોકો આવાજ નાં કારણે સુયપણ નથી શકતા. ને સતત મગજમાં આવાજ નાં કારણે શરીરમાં અનેક પ્રકારના રોગો ઉત્પન્ન થાય.તે પહેલા આનું નિરાકરણ લાવવું જરૂરી છે.જે તે સમય ની ગ્રામ પંચાયત દ્વારા જમીન આપી તે ગૌચર છે કે માલીકીની? તે તપાસ થવી જોઈએ. તેવી માંગ છે તેમ સમીર ખોખરે જણાવેલ છે.

## ગુજરાતના ખમીરવંતા ખેડૂતોને ખો આપતી ભાજપની સરકાર : કોંગ્રેસ પ્રમુખશ્રી ભંડેરી



અમરેલી, ગુજરાતના ખમીરવંતા ખેડૂતોને છેલ્લા ૩૦ વર્ષથી ગુજરાતની ભાજપ સરકાર ખો આપી રહી છે, ગુજરાસતના ખેડૂતો પાસેથી પાકવીમાના નામે ફરજિયાત વીમા પ્રીમિયમ ઉઘરાવીને આજ દિન સુધી ખેડૂતોના હક્કનો પાક વીમો પણ ખેડૂતોને આપ્યો નથી, માત્ર ને માત્ર વીમા કંપનીઓના ખીચા ભરોને ભાજપના નેતાઓએ ભાગ બટાઈ કરીને ખેડૂતોને વિમાના નામે ખો આપવાનું કામ કર્યું છે, વર્ષ-૨૦૨૨ માં ખેડૂતોની આવક ડબલ કરવાની વાત કરતી આ ભાજપ સરકારે આજે ખેડૂતોના ખર્ચા ડબલ કરી દીધા સમગ્ર ગુજરાતના ખેડૂતોને રોઝ, ભૂંડના ત્રાસમાંથી ૩૦ વર્ષે પણ મુક્તિ અપાવવાનું કામ ગુજરાતની ભાજપ સરકાર કરો શકી નથી, પરિણામે ગુજરાતના ખમીરવંતા ખેડૂતો પોતાના પાકનું રક્ષણ કરવા માટે રાત-દિવસ ઉજાગરા કરીને રોઝ, ભૂંડ તથા હિંસક પ્રાણીઓ સામે જીવના જોખમે ઝઝુમી રહ્યા છે, આમ છેલ્લા ૩૦-૩૦ વર્ષથી ગુજરાતની ભાજપ સરકાર ગુજરાતના ખમીરવંતા ખેડૂતોને ખો આપવાનું કામ કરી રહી છે તેમ અમરેલી તાલુકા કોંગ્રેસ પ્રમુખ મનીષ ભંડેરીએ જણાવ્યું છે

### પહેલા પાનાનું
## ભભુક્તો રોષ

અને અમરેલીમાં બુધવારે રાત્રે લોહાણા મહાજનની બેઠક યોજાનાર હોવાનું જાણવા મળેલ છે. આ અંગેની જાણવા મળતી માહિતી અનુસાર અમરેલી લોહાણા મહાજનનાં પ્રમુખશ્રી જીતુભાઈ ગોળવાળાએ જણાવ્યું હતું કે, પુજ્ય જલાબાપાની આવી ટીપ્પણી કોઈ કાળે ચલાવાશે નહીં. તેમનું મંદીર છે અને જલાબાપા રઘુવંશી સમાજનાં ભગવાન છે. અમે ધારાસભ્યનાં આ કથનને વખોડી તેની સામે ફોજદારી ફરિયાદ દાખલ કરવા માંગ કરીએ છીએ અને તેના માટે આજે રાત્રે અમરેલી લોહાણા મહાજનની બેઠક યોજાનાર છે. રાજુલામાં જલારામ સેવા મંડળ આયોજિત લોહાણા સમાજ દ્વારા રેલી કાઢી મોટી સંખ્યામાં લોકો જય જય જલારામના નાદ સાથે રાજુલા પ્રાંત કચેરીમાં પોહચી ઘેરાવ કરી રોષ વ્યકત કર્યો હતો અને ઈન્ચાર્જ પ્રાંત અધિકારીને આવેદન પત્ર આપી ધારસભ્ય ફતેસિંહ સામે કડક કાર્યવાહી કરવા માંગ કરી હતી સમગ્ર ઘટનાને લઈ લોહાણા સમાજમાં ઘેરા પ્રત્યાઘાતો પડી રહ્યા છે ભારે નારાજગી દર્શાવી હતી ધારાસભ્યની વિવાદિત ટીપણીને લઈ સૌરાષ્ટ્ર ભરમાં ઘેરા પ્રત્યાઘાતો પડી શકે છે મોટી સંખ્યામાં લોકો એકત્ર થઈ આવેદનપત્ર આપ્યુ આવેદનપત્રમાં જણાવ્યા પ્રમાણે જલારામ બાપાએ રઘુવંશી સમાજના ભગવાન છે જેથી સમગ્ર રઘુવંશી સમાજની લાગણી જોડાયેલી છે ઠેર ઠેર જલારામ બાપાના મંદિરો આવેલ છે વીરપુરમાં જલારામ બાપાનું ભવ્ય મંદિર પણ આવેલું છે કલોકના ધારાસભ્ય ફતેસિંહ વખતસિંહ ચૌહાણ દ્વારા સોશ્યલ મીડિયામાં વાયરલ થયેલ વીડિયોમાં જલારામ બાપાને ભગવાનનો દરજ્જો આપવા મુદ્દે ટીપણી કરી છે જેથી આવી ટીપણી કરવાનો ધારાસભ્યને કોઈ અધિકારી નથી રાજુલા સમસ્ત રઘુવંશી લોહાણા સમાજ દ્વારા સ્પષ્ટ શબ્દોમાં વખોડી ધારાસભ્ય સામે તાત્કાલિક સરકાર કાર્યવાહી કરી પગલાં ભરે તેવી માંગણી ઉઠી રહી છે પીન્ટુભાઈ ઠક્કરએ જણાવ્યું હતું આ ધારાસભ્ય સામે કડક કાર્યવાહી સરકાર કરે તેવી અમારા સમાજની લાગણી અને માંગણી છે. સાવરકુંડલાના લોહાણા સમાજ એ જણાવ્યું હતું કે ઠેર ઠેર જલારામ બાપાના મંદિરો છે અને વીરપુરમાં પણ ભવ્ય જલારામ બાપાનું મંદિર છે માત્ર લોહાણા સમાજની નહિ સમગ્ર હિન્દુ સમાજના આસ્થા અને વિશ્વાસ નું સ્વરૂપ છે ત્યારે ફતેસિંહ ચૌહાણ દ્વારા સોશિયલ મીડિયામાં વાયરલ વીડિયોમાં શ્રી જલારામ બાપાના ભગવાનનો દરજ્જો આપવા બદલ ટિપ્પણીઓ કરવામાં આવેલ છે અને અવિચારી શબ્દો વાપરેલા છે અને જલારામ બાપા વિશે આવી ટિપ્પણી કરવાનું કલોલ ના ધારાસભ્ય શ્રી ને કોઈ અધિકાર નથી રઘુવંશી લોહાણા સમાજ સખ્ત શબ્દોમાં વખોડી કાઢીએ છીએ તેવું આવેદનપત્રમાં જણાવ્યું હતું અને આ કલોલ ના ધારાસભ્ય શ્રી સામે પગલાં લેવા માંગ કરવામાં આવી હતી. આ નિવેદનથી સમગ્ર લોહાણા સમાજ ની લાગણી ને ખૂબ જ ઠેસ પહોંચી છે તો વહેલી તકે આ ધારાસભ્ય વિરૂદ્ધ કોઈ પગલા લેવામાં આવે તેવી અમારી માંગણી છે. કલોલના ધારાસભ્ય ફતેસિંહ ચૌહાણ દ્વારા જલારામ બાપા વિરૂદ્ધ ટિપ્પણીનો મામલો ગરમાયો છે અને સાવરકુંડલા રઘુવંશી સમાજમાં ફતેસિંહ ચૌહાણ વિરૂદ્ધ રોષ ફાટી નીકળ્યો છે અને સાવરકુંડલા નાવલી નદી ખાતે રઘુવંશી સમાજ એકત્રિત થતાં ટ્રાફિક જામ સર્જાયો હતો રઘુવંશી લોહાણા સમાજ દ્વારા મામલતદાર કચેરી ખાતે સૂત્રોચાર કરાયા હતા બાદ મામલતદારને આવેદનપત્ર પાઠવી ભાજપના ધારાસભ્ય ફતેસિંહ ચૌહાણ સામે કાયદેસર કાર્યવાહી કરવાની માંગ આઈ.પી.સી. ૨૯૫ (ક) અને ૨૯૮ મુજબ ગુન્હો નોંધે અથવા માફી માંગે તેવી રઘુવંશી સમાજની માંગણી કરવામાં આવી હતી. સાથે વિધાનસભા ના અધ્યક્ષ શ્રી, મુખ્યમંત્રી શ્રી અને ગૃહ સચિવ શ્રી ને નકલ રવાના કરવામાં આવી હતી. અને વહેલી તકે પગલા લેવા સાવરકુંડલા ના લોહાણા સમાજ એ માંગણી કરી હતી.. અને અંતમાં એ પણ જણાવ્યું હતું કે કલોલના ધારાસભ્ય શ્રી માફી નહીં માંગે તો આ રઘુવંશી સમાજ આકરા પાણીએ જશે.

## ધારી મનમંદિર સ્કુલે ગૌરવ વધાર્યુ



ધારી,જિલ્લા કક્ષાએ બાસ્કેટબોલ અને વોલીબોલ ત્રીજો નંબર પ્રાપ્ત કરી ધારી તાલુકા નું ગૌરવ વધારેલ છે જેમાં અંડર ૧૪ ભાઈઓ જિલ્લા કક્ષાએ ત્રીજો નંબર અને અંડર ૧૭ બાસ્કેટબોલ ભાઈઓ ત્રીજો નંબર મેળવી ધારી તાલુકાનું ગૌરવ વધારેલ છે અંડર ૧૪ એ બાસ્કેટબોલમાં ત્રીજો નંબર મેળવી ધારી તાલુકા નું ગૌરવ વધારે છે.

## અમરેલીના માંડાણી પરિવારમાં શુભ લગ્નોત્સવ

ચિ. વિસાલ | ચિ. ગોપી

અમરેલી જેસીંગપરાના અ.સૌ. ભાવનાબેન તથા જીતેન્દ્રભાઈ વલ્લભભાઈ માંડાણીના સુપુત્ર ચિ.વિસાલના શુભ લગ્ન અમૃતવેલ નિવાસી અ.સૌ. ભાવનાબેન તથા મહેશભાઈ બાલુભાઈ સાવલીયાની સુપુત્રી ચિ. ગોપિ સાથે તા.૧૨-૨-૨૪ને સોમવારે લગ્નોત્સવ નિધારેલ છે.

### આજે વ્યતીપાત યોગ
## વ્યતીપાત યોગમાં દાન ભકિતથી અનેકગણુ પુણ્ય મળે છે

અમરેલી,
શાસ્ત્રોમાં અમુક યોગ મહત્વના અને વિશેષ ફળદાયી ગણવામાં આવેલ છે. તે પૈકી વ્યતીપાત યોગનું ખુબજ મહત્વ મહાભારત, વરાહપુરાણ, અને જયોતિષના ગ્રંથોમાં આવેલ છે. વ્યતીપાતના યોગમાં દેવપુજન, દાન અને ભકિતથી અનેકગણુ પુણ્ય મળે છે. તા.૯ ફેબ્રુઆરીએ સવારે પ્રાતઃ કાળથી સાંજે ૭-૦૦ કલાકને ૭ મીનીટ સુધી વ્યતીપાત યોગ છે. તેમાં દાનનું અક્ષય ફળ મળે છે. તેમ શાસ્ત્રોમાં જણાવ્યું છે. વધુ માહિતી માટે શાસ્ત્રી શરદભાઈ દવેનો સંપર્ક કરવા જણાવ્યું છે.

## ધારી તાલુકા ભાજપના ઉપપ્રમુખશ્રી ભરતભાઇ અંટાળાના ધર્મપત્નીશ્રી વિમળાબેનનું નિધન

**ગીગાસણના અંટાળા પરિવારમાં વ્યાપી ગયેલો ઘેરો શોક**



ધારી,ધારી તાલુકા ભાજપના ઉપપ્રમુખ ભરતભાઈ અંટાળાના ધર્મપત્ની વિમળાબેન અંટાળાનું તા.૭-૨-૨૪ના રોજ અવસાન થયું છે. ધારી તાલુકા ભાજપના પુર્વ સદસ્ય વિમળાબેન ભરતભાઈ અંટાળાનું નિધન થતાં ગીગાસણ સહિત સમગ્ર ધારી પંથકમાં ઘેરો શોક વ્યાપી ગયો છે. અંટાળા પરિવારમાં વિવિધ ક્ષેત્રના આગેવાનો સહિતે સાંત્વના પાઠવી શોક વ્યકત કર્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે સ્વ. વિમળાબેન ધારી તાલુકા ભાજપના સદસ્ય તરીકે પણ કામ કરી ચુકયા છે.

## એલઆરડીની ભરતી પરિક્ષા પધ્ધતિમાં હવે ફેરફાર કરાયો

**શારીરિક કસોટીમાં હવે દોડ ફકત નિયત સમયમાં પાસ કરવી રહેશે**

અમરેલી,રાજય સરકાર દ્વારા એલઆરડીની ભરતી પરિક્ષા પધ્ધતિમાં ફેરફાર કરાયો છે. શારિરીક કસોટીમાં હવે દોડ ફકત નિયત સમયમાં પાસ કરવાની રહેશે. તેના કોઈ ગુણ આપવાના રહેશે નહી.તેમાં ઉર્તીણ થયેલા તમામ ઓબઝેકટીવ એમસીકયુ ટેસ્ટમાં ભાગ લઈ શકશે. ૧૦૦ ગુણની એમસીકયુને બદલે હવે ૨૦૦ ગુણનું ઓબઝેકટીવ એમસીકયુ ટેસ્ટનું પેપર લેવાશે પાસ થવા માટે ઓછામાં ઓછા ૪૦ ટકા ગુણ ફરજિયાત રહેશે. રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી અથવા નેશનલ ફોરેન્સીક સાયન્સ યુનિવર્સિટીમાંથી કરેલા કોર્ષ માટે વાધારાના ગુણ આપવામાં આવશે તેમ જણાવ્યું છે.

## કચ્છ-ભુજ પંથકનાં વિવિધ વર્તમાન

કચ્છ બ્યુરો ચીફ જયશ્રી મહેતા

## અંજાર ભાજપ મહિલા મોરચા દ્વારા કિન્નરોના જુથ સાથે ચાય પે ચર્ચા



અંજાર, જિલ્લા ભાજપ મહિલા મોરચામાંથી મળેલ સૂચના અનુસાર શક્તિ વંદન કાર્યક્રમ હેઠળ આજરોજ ધારાસભ્ય શ્રી ત્રિકમભાઈ છાંગાનાં માર્ગદર્શન હેઠળ અંજાર શહેર ભાજપ મહિલા મોરચા દ્વારા કિન્નરોના જૂથ સાથે ચાય પે ચર્ચા તથા તેમના સન્માનનું આયોજન ટીંબી કોઠા કિન્નરના મઠ મધ્યે શહેર તથા જિલ્લા ભાજપ હોદેદારશ્રીઓ તથા નગરપાલિકાના હોદેદારશ્રીઓની ઉપસ્થિતિમાં કરાયેલ જેમાં અંજાર શહેર બીજેપી મહિલા મોરચા ના પ્રુમખ દ્વારા મઠ ના વડા જયશ્રી દે નું સન્માન કરવામાં આવ્યું આ પ્રસંગે અંજાર નગર પાલિકા ના પ્રમુખ વૈભવ ભાઈ કોડરાણી, કચ્છ જિલ્લા મહિલા મોરચા ના મંત્રી જયશ્રી બેન મહેતા, શહેર ભાજપ ના મહામંત્રી અશ્વિન ડાડા,અંજાર તાલુકા ભાજપ ના મહામંત્રી કાનજી ભાઈ સેઠ, નગર પાલિકા ના ઉપપ્રમુખ શિલ્પા બેન બુદ્ધભટ્ટી, સાસદ પક્ષ ના નેતા નિલેશ ભાઈ ગોસ્વામી, દંડક કલ્પના બેન ગોર, પૂર્વપ્રમુખ લીલાવતી બેન પ્રજાપતિ, અંજાર તાલુકા મહિલા મોરચા ના પ્રમુખ રચના બેન જોશી, શિક્ષણ સમિતી ના વાઈસ ચેરમેન તેજસ મહેતા, અંજાર શહેર બીજેપી મહિલા મોરચા ના મહામંત્રી વૈશાલી બેન સોરઠીયા, મહિલા મોરચા ના નજમાં બેન બાયડ, પૂજા બેન બારમેડા, ધન બાઈ ગઢવી હંસા બેન ઠક્કર, મંજુલા બેન ચૌહાણ ઉપસ્થિત રહ્યા હતાં. વડીલ શ્રીમતી જયશ્રીબેન મહેતાએ ભગવાન રામ વિશે અને કિન્નરો વિશે ના એક પ્રસંગની સરસ મજાની વાત કહી સંભળાવી હતી.ભગવાન રામ જયારે ૧૪ વર્ષ માટે વનમાં જાય છે ત્યારે રામ ભગવાનને વિદાય આપવા માટે અયોધ્યાવાસીઓ સરયુ નદીના કિનારા સુધી જાય છે ત્યાંથી રામ ભગવાને બધાને પાછા પરત જવાનું કહ્યું તેમાં રામ ભગવાને એમ કહ્યું કે માતાઓ બહેનો ભાઈઓ બધા અહીંથી પરત જાવ. કિન્નરોનું નામ નતું લીધું એટલા માટે બધા જ કિનારો ૧૪ વર્ષ સુધી નદીના કિનારે જ રહ્યા જયારે ભગવાન વનવાસથી પાછા આવે છે ત્યારે પૂછે છે કે તમે કેમ ૧૪ વર્ષ સુધી અહીંયા જ રહ્યા તો કિન્નરો જવાબ આપે છે કે તમે અમને પાછા જવાનું નતું કહ્યું એટલા માટે અમે તમારી ભક્તિમાં અહીંયા જ રહ્યા તેમ જયશ્રીબેન મહેતાએ જણાવ્યું હતું.

## ગીર સોમનાથ પંથકનાં વિવિધ વર્તમાન

ગીરસોમનાથ બ્યુરો ચીફ સંજય રાઠોડ

## વેરાવળમાં આઇટીઆઇમાં આરટીઓ દ્વારા રોડ સેફ્ટી માર્ગદર્શન સેમિનાર યોજાયો



ગીર-સોમનાથ,ગીર-સોમનાથ જિલ્લામાં રાષ્ટ્રીય માર્ગ સલામતી માસ અંતર્ગત આઈ.ટી.આઈ વેરાવળ ખાતે આર.ટી.ઓ દ્વારા રોડ સેફ્ટી માર્ગદર્શક સેમિનાર યોજાયો હતો. જેમા વિદ્યાર્થીઓ રોડ સેફ્ટીના નિયમોનુ પાલન વિશે જાણકારી મેળવે તેમજ રોડ સેફટીના નિયમોનુ મહત્વ સમજીને અમલવારી કરે તેવા શુભ હેતુસર આર.ટી.ઓ ઈન્સ્પેકટર શ્રી ટાંક દ્વારા વિદ્યાર્થીઓને રોડ સેફ્ટી અંતર્ગત વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. તેમજ હેલ્મેટ, સિટબેલ્ટ, તેમજ વિવિધ સિમ્બોલ્સ અને તેમનો ઉપયોગ મહત્વ સહિતની તકેદારી રાખવાની તમામ બાબતો સમજાવી હતી. તેમજ વિદ્યાર્થીઓએ પણ ટ્રાફિક રૂલ્સ રેગ્યુલેશનના નિયમો પાળવા તત્પરતા બતાવી હતી. આ તકે આઈ.ટી.આઈના શ્રી હરેશભાઈ વાળા, આરટીઓમાંથી શ્રી માંગુકિયા સહિતના આઈ.ટી.આઈ સ્ટાફ, વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહયા હતા.

## જુનાગઢ પંથકનાં વિવિધ વર્તમાન

જુનાગઢ બ્યુરો ચીફ હિતેષ પારેખ

**માનશો નહીં: નાના એવા ગામની સરકારી પ્રાથમિક શાળામાં ૮ ગામના વિદ્યાર્થીઓ અભ્યાસ અર્થે આવે છે**

## બિલખાના નવાગામમાં ૭૦૦ વિદ્યાર્થીઓ ખાનગી શાળા છોડી દાખલ થયાં

**સ્માર્ટ ક્લાસ, ગણિત-વિજ્ઞાન અને કોમ્પ્યુટર લેબ સહિતની ભૌતિક સુવિધાઓથી સજ્જ છે આ શાળા**



જૂનાગઢ, કદાચ નામવામાં ન પણ આવે પરંતુ હકિહત છે. એક નાના એવા ગામની સરકારી પ્રાથમિક શાળામાં ૮ ગામના વિદ્યાર્થીઓ અભ્યાસ અર્થે આવે છે...વાત એટલેથી પણ નથી અટકતી. અહીં ખાનગી શાળામાં અભ્યાસ છોડી ભણવા માટે આવ્યા છે. અત્યાર સુધીમાં અંદાજે ૭૦૦ જેટલા વિદ્યાર્થીઓ ખાનગી સ્કૂલ છોડીને આ સરકારી પ્રાથમિક શાળામાં ભણવા પ્રવેશ મેળવ્યો છે.વાત છે, જૂનાગઢથી ૧૭ કિલોમીટર દૂર આવેલા અને બીલખા ગામથી તદન નજીક આવેલ નવાગામ પ્રાથમિક શાળાની. કોમ્પ્યુટર, ગણિત -વિજ્ઞાન લેબ, સ્માર્ટ કલાસ પ્રોજેક્ટર જેવી ભૌતિક સુવિધાઓથી શાળા સજ્જ તો છે. સાથે જ વિદ્યાર્થીઓ અને શિક્ષકો વચ્ચેનો સ્નેહ અને આત્મીયતા શાળાના વાતાવરણમાં 'શિક્ષણ'ના નવા રંગ પુરે છે. એક અર્થમાં શિક્ષણની સાથે મસ્તીની પાઠશાળા પણ છે.છેલ્લા આઠેક વર્ષથી નવાગામ પ્રાથમિક શાળામાં આચાર્ય તરીકે ફરજ બજાવતા શ્રી અલ્તાફઅલી વિરાણી જણાવે છે કે, આ શાળા જૂનાગઢ જિલ્લાની શ્રેષ્ઠ શાળાઓ પૈકીની એક છે સ્કૂલ ઓફ એક્સેલન્સ અને પીએમશ્રી શાળા તરીકે પસંદગી પામ્યા બાદ માળખાકીય સુવિધામાં ખૂબ મોટો વધારો થયો છે. નવું બિલ્ડિંગ, કોમ્પ્યુટર અને સાયન્સ લેબ, સ્માર્ટ કલાસ સહિત શિક્ષણકાર્ય માટે જરૂરી તમામ માળખાગત સવલતો ઉપલબ્ધ થઈ છે.

## અવસાન નોંધ

વિજપડી

મુસ્લિમ સિપાઇ વિજપડી નિવાસી બેલીમ કેશુભાઇ માંજીભાઇ ઉ.વ.૭૦ તે અમીતભાઇ તથા પીરભાઇ બચુભાઇનાં ભાઇ અને મુસ્તાક કેશુભાઇના પિતા અને દાદુભાઇ પીરભાઇ બેલીમના કાકા તથા ઉસ્માનભાઇ દાદુભાઇ અને મહમદભાઇ દાદુભાઇ પઠાણ પીપરડીવાળાના બનેવીનું તા.૬ ના રોજ અલ્લાહ પાકની રહેમતમાં પહોંચી ગયેલ છે તેમની જીયારત તા.૮-૨-૨૪ સવારે ૧૦ કલાકે વિજપડી જુમ્મા મસ્જિદમાં રાખેલ છે તેમજ ઓરતોની જીયારત સિપાઇ જમાતખાનામાં રાખેલ છે.

સૌરાષ્ટ્ર-કચ્છમાં ડબલ વાયર પધ્ધતિ દ્વારા વાંકા-ચુંકા દાંતની સારવારનાં નિષ્ણાંત
અમરેલી જિલ્લાનાં એકમાત્ર M.D.S.
ડૉ. દેવાંગ બી. પંડયા
B.D.S., M.D.S.(Orthodontics) Double-Slot System (Brazil)
દાંત, મોં તથા જડબાને લગતાં તમામ રોગોની સારવાર માટેની એકમાત્ર હોસ્પિટલ
આધુનિક મશીનરી ધરાવતી અમરેલી જિલ્લાની એકમાત્ર હોસ્પિટલ...
Align દાંતની હોસ્પિટલ
સમય : સવારે ૯ થી ૧, સાંજે ૪ થી ૮ મો. ૭૭૭૭૯ ૧૧૦૦૭
સ્થળ : સફારી પ્લાઝા કોમ્પલેક્ષ, બીજો માળ, ભગવતી ચોક, નિલકંઠ જ્વેલર્સ સામે, અમરેલી.
દર મહિનાનાં બીજા તથા ચોથા બુધવારે રાધિકા હોસ્પિટલ ખાતે બપોરે ૩ થી ૫ મળશે

શ્યામ આંખની હોસ્પિટલ
ડો. કપિલ બી. વરૂ (M.S.)
(આંખના સર્જન)
મોતીયા, ઝામર તથા પડદાના રોગના નિષ્ણાંત
૨૫૦૦૦ થી વધારે મોતીયા, ઝામર, વેલ તથા બાળકોના મોતીયાના ઓપરેશનના અનુભવી
અહીં ઉપલબ્ધ સારવાર :
- અતિ આધુનિક ફેકો મશીન પધ્ધતિથી ઇન્જેક્શન, ટાંકા તેમજ પટ્ટી વગર મોતિયાના ઓપરેશન
- ઓપરેશન પછી ફક્ત ૧૦ મીનીટમાં રજા તમામ પ્રકારના જટિલ મોતીયા તથા બાળકોના મોતિયાના ઓપરેશન
- તમામ પ્રકારના મોનોફોકલ, મલ્ટિફોકલ, ટોરિક જેવા પ્રિમિયમ નેત્રમણી (LENS) સાથેના ઓપરેશન
- વેલનું અતિ આધુનિક રીતે પ્લાસ્ટીક સર્જરી દ્વારા ટાંકા વગરનું ઓપરેશન
- અદ્યતન મશીન દ્વારા આંખના નંબરની તપાસ તથા પાંપણના ઓપરેશન
- કીકીને લગતા તમામ રોગોની સારવાર, ઝામર તેમજ ઝામર સાથે મોતિયાના ઓપરેશન
- ડાયાબિટીસ તેમજ બી.પી.ના દર્દીઓને આંખના પડદામાં થતા નુકશાનની સચોટ તપાસ તેમજ સારવાર
- ઇમ્પોર્ટેડ લેસર મશીનથી છારી ઉતારવાની સુવિધા
-: સ્થળ :-
-: અમરેલી :- સફારી પ્લાઝા, બીજો માળ, એન્જલ સિનેમા સામે, માણેકપરા, હોસ્પિટલ મો.૮૭૫૮૫ ૩૫૦૦૦
-: રાજુલા :- શિવશક્તિ શોપિંગ સેન્ટર, બેંક ઓફ બરોડાની બાજુમાં, કોહીનુર હોટલની સામે, જાફરાબાદ રોડ, હોસ્પિટલ મો.૭૪૩૪૮ ૦૮૦૦૦

## બગસરામાં સ્વ. કનુભાઇ પટોળીયાની આજે પ્રાર્થનાસભા



બગસરા, (રૂપેશ રૂપારેલીયા)

સહકારી તેમજ રાજકીય ક્ષેત્રના આગેવાન સ્વ.શ્રીકનુભાઈ વલ્લભભાઈ પટોળીયાનુ તા.૧/૨ના રોજ નિધન થતા તે નિમિતે બગસરા શ્રીસોરઠીયા વણિક સમાજની વાડી શિવાજી ચોક ખાતે તા ૮/૨ના રોજ બપોરના ૪ કલાકે પ્રાર્થના સભા તેમજ શ્રધ્ધનજલીના કાર્યક્રમનુ આયોજન કરવામાં આવેલછે તો તમામ સ્નેહીજનો ખાસ હાજરી આપે.

## બાબરાનાં વેપારી અગ્રણી શ્રીલલીતભાઇ સેદાણીનું નિધન



બાબરા, (દિપક કનૈયા)

ગૌ. વા. લલિતભાઈ ધીરજલાલ સેદાણી (ઉ.વ. ૭૮) ગિરિરાજ એમ્પોરીયમ બાબરા જયેશભાઈ, ચેતનભાઈ, ભાવેશભાઈ, સ્મિતાબેન મનીષભાઈ બુદ્ધદેવના પિતાશ્રી અને કેવિનભાઈ, અર્જુન, શયામ, સ્મિત, બંસીબેન તથા માનસીબેન ના દાદાશ્રી તા. ૪/૨/૨૩ ને રવિવારે ગૌલોક વાસી થયેલ છે. તેમની પ્રાર્થના સભા ૧૦/૨/૨૪ ને શનિવારે સાંજે ૫ થી ૬ લોહાણા મહાજન વાડી બાબરા ખાતે રાખેલ છે.

## અવસાન નોંધ

અમરેલી

રામભાઈ તથા પ્રહલાદભાઈનાં નાનાભાઈ શ્રી મહેશભાઈ મુકુંદભાઈ દવે (નિવૃત્ત એસ.ટી. કર્મચારી)ના ધર્મપત્ની અલ્કાબેન (ઉ.વ.૫૪) તે પૂજા અને કૃપાના માતુંશ્રી તથા હર્ષદરાય મણિશંકર શુક્લા (નિવૃત્ત રેલ્વે કર્મચારી)ના દીકરી તથા રીટાબેન (પદ્મકુંવરબા હોસ્પિટલ, રાજકોટ), દેવેનભાઈ, જતીનભાઈ, અતુલભાઈના બેનનું તા.૦૭ ને બુધવાર ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. જેમની સાદડી (પિયર પક્ષની સાથે) તા.૮ ને ગુરુવારે સાંજે ૦૪ થી ૦૬ કલાકે તેમના નિવાસ સ્થાન હનુમાનપરા રોડ, જલારામનગર, બાપા સીતારામના ઓટલાવાળી શેરી, અમરેલી ખાતે રાખેલ છે.

બગસરા

બગસરા નિવાસી સ્વ કાળીદાસ લક્ષ્મીરામ પંડ્યાના પુત્ર ચંપકલાલ કાળીદાસ પંડ્યા ઉમર વર્ષ ૭૩. તેઓ સ્વ મહાશંકરભાઈ, સ્વ રવિશંકરભાઈ (મુંબઈ), સ્વ શાંતિભાઈ (મુંબઈ) સ્વ કનીબેન (અમરેલી), સ્વ માનકુવરબેનના નાનાભાઈનું તારીખ ૭/૨/૨૦૨૪ ને બુધવારના રોજ અવસાન થયેલ છે. સાદડી તથા લૌકિક પ્રથા બંધ રાખેલ છે.

આ તહેવારોના શુભ અવસરે આપનું મનપસંદ હીરો ટુ-વ્હીલર ખરીદો
આકર્ષક ઑફર સાથે...
હીરોની સાથે બને દરેક તહેવારોશુભ
Hero GIFT Grand Indian Festival of Trust

HF Deluxe Motorcycle કેશ બોનસ ₹2100
Super Splendor Xtec કેશ બોનસ ₹2100
Destini125 (Not Prime) કેશ બોનસ ₹2100
Xoom & Pleasure એક્ષચેન્જ બોનસ ₹3000
Navnit Hero
ગોપી ટોકીઝ પાસે, નવનીત ટાયર્સની બાજુમાં, સ્ટેશન રોડ, અમરેલી
મો.+૯૧ ૯૨૮૯૯ ૨૨૨૫૪ navnit@heromotocorp.biz

અમરેલીના મહે.મોટર એક્સીડેન્ટ ક્લેઇમ ટ્રીબ્યુનલ (મેઇન) જજ સાહેબની કોર્ટમાં મુ.અમરેલી

એમ.એ.સી.પી.નં.૮૭/૨૦૧૦

મુદત તારીખ : ૨૦-૦૨-૨૦૨૪

અરજદાર : અતુલપુરી મનસુખપુરી ગોસાઇ રે.આનંદનગર, શેરી નં.૬, અમરેલી

વિરૂધ્ધ.....................................

સામાવાળા : (૧) સ્ટેટ રોડ ટ્રાન્સપોર્ટ કોર્પો.ડિવીઝન મેનેજર શ્રી એસટી ડિવીઝન અમરેલી, વિ. જોગ : (સુચિત પક્ષકાર નં.૪) અકસ્માતમાં સંડોવાયેલ ફોરવીલ નં. GJ-27-AP-1875 ના રજીસ્ટર્ડ માલીક :- M/S Ocean Rotoflex, B-49/1, Zaveri Industrial Esate, Kathwada, Ahmedabad

અરજદારના એડવોકેટ : આર.કે.સોંદરવા

બાબત : મોટર વ્હીકલ એક્ટની કલમ-૧૬૬ અન્વયે રૂા.૩,૦૦,૦૦૦/- મળવા અરજ

### -:: જાહેર નોટીસ ::-

આથી તમો સામાવાળાને જણાવવાનું કે અરજદારે તમારી સામે મોટર વ્હીકલ એક્ટની કલમ-૧૬૬, ૧૪૦ ની વળતર મેળવવા માટેની અરજી આ ટ્રીબ્યુનલ સમક્ષ કરેલ છે. સદર કામે અરજદાર તરફે આંક-૪૯ થી તમોને સુચિત પક્ષકાર નં.-૪ તરીકે જોડવા અરજી આપેલ હોય તમોને વાસ્તે આ ઉપરથી તમોને ફરમાવવાનું કે તમારા સઘળા લેખીત પુરાવા રજુ કરવાની મુદત તારીખ : ૨૦-૦૨-૨૦૨૪ ઠરાવવામાં આવેલ છે. તો મુકરર કરેલ દિવસે તમારા સઘળા લેખીત પુરાવા અને બચાવના આધાર સહ જાતે અગર માહિતગાર કરેલ વકીલ મારફત સવારના ૧૦:૪૫ કલાકે બિનચુક હાજર રહેશો. આ ઉપરથી તમોને નોટીસ આપવામાં આવે છે કે જો ઉપર જણાવેલ દિવસે તમો હાજર નહી થાવ તો તમારી ગેરહાજરી ગણી અરજી સાંભળી તેનો નિકાલ કરવામાં આવશે. વળી તમોને એવી પણ નોટીસ કરવામાં આવે છે કે, મુકરર કરેલ તારીખે અથવા તે પહેલા બજવણી માટે તમારો પતો લખવા તમે કસુર કરશો તો તમારા બચાવ ઉપર ધ્યાન આપવામાં આવશે નહી.

આજ તારીખ ૩૧ મી માહે જાન્યુઆરી સને.૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી : (આર.કે.બંધીયા)
ડેપ્યુટી રજીસ્ટ્રાર
એમ.એ.સી.ટી. (મેઇન) અમરેલી

### અટક બદલાવેલ છે


આથી હું નીચે સહી કરનાર જાફર હસનભાઇ કુંડલિયા જાહેર કરૂ છુ કે મારી જુની અટક કુંડલિયા માંથી બદલીને નવી અટક કુંડલિયા કરેલ છે. જેની સર્વેએ નોંધ લેવી.

સહી : જાફર હસનભાઇ કુંડલિયા
એડ્રેસ : આંબલી પેઢા, જાફરાબાદ, જી.અમરેલી - ૩૬૫૫૪૦


☎ 94281 90118
॥ ૐ નમોઃ નારાયણ પ્રભુ ॥

વિન્ટર કલેકશન
એક જ ભાવ
M to 5XL સુધી બધુંજ
ગમે તેવી ઠંડીમાં પણ થશે ગરમીનો અહેસાસ
એક-એકથી ચડીયાતા
વિન્ટર કલેકશનની અવનવિ વેરાયટી
વિન્ટર ટી-શર્ટ, હુડી, જેકેટ, ફેન્સીકોટ, હાથ મોજા, ટોપી તેમજ મફલર અને ઘણું બધું...
ફોર્મલવેર સ્પેશ્યાલીસ્ટ
લગ્ન સિઝનને અનુરૂપ પાર્ટીવેર કલેકશન
ઉમિયા ફેશન
(નાના આંકડીયાવાળા)
સ્ટેશન રોડ, સિલ્વર પેલેસ, પુજારા મોબાઈલ સામે, અમરેલી.

બંગલા ટાઈપ જુના / નવા મકાન વેચવાના છે.
- સંકુલ રોડ ઉપર શુભલક્ષ્મીમાં ૧ વસામાં મજબુત બાંધકામવાળુ ફર્નિચર સાથે મોટુ મકાન.
- કે.કે.પાર્કમાં અંદરની બાજુએ 4 BHK સોલાર-સબમર્સીબલ સાથેનું ઉત્તર દ્વાર.
- પ્રમુખ સ્વામી મેઈન રોડ ઉપર 3 BHK ફર્નિચર સાથેનો નવો બંગલો.
- વૃન્દાવનમાં ૨૦×૫૦ ના પ્લોટમાં 4 BHK પૂર્વ ઉત્તર કોર્નર બાજુ જુનું મકાન.
- ગીરધરનગરમાં તદ્દન નવા જ પૂર્વ દ્વારના 3 BHK મકાન અરજન્ટ વેચવાના છે.
- શ્રી રંગ સોસાયટી (ચિતલ રોડ) મજબુત બાંધકામવાળો વિશાળ બંગલો
- સંકુલ રોડ ઉપર ૫૦×૫૦ નો પ્લોટ + ૪ દુકાન કોર્નરની કસમાં ફુકવાની
- લાઠી રોડ ઉપર 1 BHK ફ્લેટ ૯ લાખ તથા 2 BHK એવા ત્રણ ફ્લેટ તાત્કાલીક ફુકી મારવાના છે.
- બંસીધર સ્કૂલની સામે 3 BHK તદ્દન નવું લોનેબલ પશ્ચિમ દ્વારનું મકાન.
- શિવલીલામાં પી.આર.કાર્ડ સાથે 2 BHK તદ્દન નવું મકાન માત્ર ૧૧.૯૯
- અમરેલીમાં પ્લોટ-મકાન કે દુકાન અદલા બદલી કરવાના છે.
- રાજકોટમાં ફ્લેટ
- તારાપુર એન.એચ. ઉપર ૧૫૦ વારનો પ્લોટ
શેડુભાર - સોનારીયા - સાવર પુતળીયા - દેરડી - ગોખરવાળા ધારી ફાચરીયા - ગીગાસણ કચીવદરમાં ખેતીની જમીન કસમાં વેચવાની છે. (ટાઈટલ કલીયર)
- ચકકરગઢ દેવળીયામાં ૭ વિઘા વાડી વેચવાની છે / એકસચેન્જમાં પ્લોટ-મકાન-દુકાન-ફ્લેટ ચાલશે.
લાભમ્ પ્રોપર્ટીઝ : Mo. 94289 70954

વી. કે. મોટર્સ
VK MOTORS
Giving you joy of Best Ride...
MARUTI SUZUKI | HONDA | TOYOTA | Ford | HYUNDAI
CAR SERVICE ▪ SPARE ▪ INSURANCE

તમામ પ્રકારની ગાડીનું રીપેરીગ તેમજ કલેમ ઈન્સ્યોરન્સમાં રીપેરીગ કરી આપવામાં આવશે.
ઈન્સ્યોરન્સ કેશલેસ સુવિધા.
તમામ પ્રકારના ઈન્સ્યોરન્સનું કામ કરી આપવામાં આવશે.
વિપુલ કાનપરીયા + ૯૧ ૯૯૨૪૨ ૫૭૯૮૧
લાઠી રોડ, બાયપાસ ચોકડી, યામાહા શો રૂમ સામે, અમરેલી.
e_mail:kanpariyavipul4025@gmail.com

# ॥ પ્રાર્થનાસભા ॥



## ગો.વા.લલિતભાઇ ધીરજલાલ સેદાણી (ઉ.વ.૭૮)

ગો.વા.તા.૦૪-૦૨-૨૦૨૪, બાબરા (હાલ સુરત)

દિલગીરી સાથે જણાવવાનું કે ગો.વા.લલિતભાઇ ધીરજલાલ સેદાણી (ઉ.વ.૭૮) તા.૦૪-૦૨-૨૦૨૪ ના રોજ ગોલોકવાસી થયેલ છે. તે જયેશભાઇ, ચેતનભાઇ, ભાવેશભાઇ અને સ્મિતાબેન મનિષકુમાર બુધ્ધદેવના પિતાશ્રી તથા કેવીન, શ્યામ, અર્જુન, સ્મિત, બંસી અને માનસીના દાદા તથા ગો.વા. ચંદ્રીકાબેન, ગો.વા. ઉર્મીલાબેન, પ્રવિણાબેન, ભારતીબેન અને ભાવનાબેનના ભાઇ તથા વિનુભાઇ અને ઘનશ્યામભાઇ વસાણી (વિસાવદર) ના બનેવી. તેમની પ્રાર્થનાસભા બાબરા મુકામે રાખેલ છે. સાસરાપક્ષની સાદડી સાથે રાખેલ છે.

### -:: સદગતની પ્રાર્થનાસભા ::-

તારીખ : ૧૦-૦૨-૨૦૨૪ ને શનિવાર
સમય : સાંજે ૫:૦૦ થી ૬:૦૦ કલાકે
સ્થળ : લોહાણા મહાજનવાડી, બાબરા

લી.

જયેશભાઇ : મો.૯૩૭૪૮ ૬૫૧૨૧ | ભાવેશભાઇ : મો.૯૮૭૯૮ ૯૨૬૨૩
ચેતનભાઇ : મો.૯૪૨૬૪ ૨૯૧૦૯ | કેવીનભાઇ : મો.૯૪૨૯૬ ૮૮૯૭૩

ગિરિરાજ એમ્પોરીયમ
સેદાણી પરિવારના જય શ્રી કૃષ્ણ

રજી.સે.શ.૩૬૭૫૨ ॥ સત્યમેવ જયતે ॥ ઓડીટ વર્ગ 'અ'
અવધ નાગરીક શરાફી સહકારી મંડળી લી.
ગીરધરભાઇ શોપીંગ સેન્ટર, હેડ પોસ્ટ ઓફીસ સામે, અમરેલી ફોન : (૦૨૭૯૨)૨૨૭૨૯૯
દર મહિને માસિક વ્યાજની સુવિધા પણ ઉપલબ્ધ
૫૦ હજારની એફડી ઉપર ભેટ મેળવો

| ક્રમ | થાપણના પ્રકાર ફી.ડી. | વ્યાજનો દર | ક્રમ | થાપણના પ્રકાર ફી.ડી. | વ્યાજનો દર |
|---|---|---|---|---|---|
| ૧ | ૪૫ દિવસ થી ૯૦ દિવસ સુધી | ૮% | ૬ | ૪ વર્ષ ઉપર | ૧૨.૫% |
| ૨ | ૯૧ દિવસથી ૧૮૦ દિવસ | ૯% | ૭ | ૬ વર્ષ ૬ માસ ઉપર (૭૮ માસ) | ડબલ |
| ૩ | ૧૮૧ દિવસથી ૧ વર્ષ સુધી | ૧૦% | ૮ | મંથલી બચત (૧૨ માસ) | ૧૧% |
| ૪ | ૧ વર્ષ ઉપરથી ૩ વર્ષ સુધી | ૧૨% | | | |

આકર્ષક વ્યાજદરો
સભાસદ માટે સર્વશ્રેષ્ઠ સુવિધા
- દર વર્ષે આકર્ષક ડીવીડન્ડ ■ ફીકસ ડીપોઝીટ ઉપર ૧૨.% નું આકર્ષક વ્યાજ
- દૈનિક બચતકારોને ૧૧% નું આકર્ષક વ્યાજ
- દરેક સભાસદોને જરૂરીયાત મુજબ વ્યકિતગત તેમજ મિલ્કત ઉપર લોનની સરળ સુવિધા
- ડો.ચિરાગ કુબાવત - નારી વુમન્સ - એન્ડોસ્કોપી સેન્ટરમાં પ્રસુતીમાં બીલ ઉપર ૨૦% ડિસ્કાઉન્ટ પતિ અથવા પત્નીમાંથી કોઇપણ એક અવધ મંડળીના સભાસદ હોવા જરૂરી છે (પેકેજ વગર ડિસ્કાઉન્ટનો લાભ મળશે.)
વિશ્વાસ તમારો અને મહેનત અમારી
અવધ નાગરિક શરાફી સહકારી મંડળી લિ.
• બાયપાસ બ્રાન્ચ • સિલ્વર શાઈન કોમ્પલેકસ, રોયલ એમેઝોન સામે, બાળહનુમાન મંદિર રોડ, બાયપાસ રોડ, અમરેલી.
• બાબરા બ્રાન્ચ • સહકાર ભવન, શિવાજી ચોક, તાલુકા શાળા સામે, મુ. બાબરા. જિ. અમરેલી. ફોન : (૦૨૭૯૧)૨૩૩૨૯૯
• ધારી બ્રાન્ચ • રેલ્વે સ્ટેશન પાસે, ધારી વિવિધ સેવા સ.મં.લી.સામે મુ. ધારી. જિ. અમરેલી. ફોન : (૦૨૭૯૭)૨૨૧૨૯૯

